# સહજ-સત્સંગ

અંક : ૨૭૧ વર્ષ : ૨૨ તંત્રી : માનસિંહભાઈ ચાવડા જુલાઈ - ૨૦૧૧



કાલરાત્રી



# મા મીરાંબિકા

Every morning may our thoughts rise fervently towards Thee,
Asking Thee how we can, manifest and serve The best.

- The Mother

## પ્રભુ તવ સેવા !

ભાવાનુવાદ

હર પ્રભાતે વિચારો હજો, ઊર્ધ્વે ચડતા ભાવથી,
તવારાધને લીન થતાં, તવ પ્રતિ ઘેરી ઊર્મિથી.
નમ્રભાવે વિનવતા ને, મથતા માર્ગ જાણવા,
તવ આવિર્ભાવ - પદ્ધતિ, પૂર્ણ રીતે પ્રગટાવવા.

**- શ્રી માતાજી**

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૧,૪,૫ જુલાઈ ૧૯૧૪)



તારા પ્રત્યે વળીએ છીએ ત્યારે અમારા વિચારો મૂંગા બની જાય છે, પણ અમારાં હૃદયો હરખે છે; કારણ કે તું સર્વ વસ્તુઓમાં ઝળકી રહ્યો છે. (૧-૭-૧૪)

હે સર્વજયી શક્તિ..... તારા સંકલ્પને પૂર્ણપણે સોંપાઈ ગએલ આ આવિર્ભાવના કરણને તને એક પૂર્ણ અને નમ્ર સમર્પણ કરવા દે, ભલે પછી એ હજી આ સિદ્ધિ માટે પૂર્ણપણે પરિપક્વ ન બન્યું હોય.

..... તારા સિદ્ધિની ઘડી પાસે છે (૪-૭-૧૪)

મારા બાહ્ય અને નિમ્નતર અને અવિદ્યાપૂર્ણ સ્વરૂપને લગતું છે તે..... પોતાની સર્વશક્તિ સાથે તારા પાવક કાર્યની શરૂઆત માટે વિનંતિ કરે છે, જેથી તું તારો સંપૂર્ણ આવિર્ભાવ સિદ્ધ કરે.

આ વિનંતિનો તું કરુણાપૂર્વક ઉત્તર આપે છે : ''જે કાંઈ કરવાનું છે તે કરવામાં આવશે, જરૂરી કરણો તૈયાર કરવામાં આવશે. તું તારો પ્રયત્ન સ્વસ્થ ખાતરીપૂર્વક જાળવી રાખ.'' (૫-૭-૧૪)

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (રૂપાંતરની ઘડી) | ૧ |
| **પ્રભુકૃપા** | ૪ |
| **માતૃવાણી** (ભાગવત-સંકલ્પને જાણવાની રીત) | ૭ |
| **માનવવિકાસ ચક્ર** (આધ્યાત્મિક સમાજ - ૧) | ૯ |
| **આગામી-ભાવિ** ( ) | ૧૧ |
| **સાવિત્રી** (પ્રભુનો પ્રયોગ) | ૧૨ |
| **સુંદર કથાઓ** (પ્રભુપ્રેમનું મહત્ત્વ) | ૧૬ |
| **ઉપનિષદોનું અમૃત** (બ્રહ્મતત્ત્વને જાણવાની રીત) | ૧૭ |
| **યોગ વિષે પત્રો** (યોગચક્રો અને તેનાં કાર્યો) | ૧૯ |
| **વેદનું રહસ્ય** (વેદનાં લુપ્ત અર્થઘટનનાં પ્રયત્નો) | ૨૪ |
| **વેદવિજ્ઞાન** (મૃત્યુંજયી થવાની સાધના) | ૨૯ |
| **યોગ પર દીપ્તિઓ** (પૂર્ણયોગમાં સાક્ષાત્કાર અને મુશ્કેલીઓ) | ૩૧ |
| **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (કામ કરવાનું મહત્ત્વ શું ?) | ૩૩ |
| **સાંજના વાર્તાલાપો** (ગુરુ અને ભગવાનની મદદ અને તેની શરતો) | ૩૪ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (નીરવબ્રહ્મનો સાક્ષાત્કાર) | ૩૬ |
| **ભાવિ - સમાજ** (આધ્યાત્મિક સમાજ) | ૩૮ |
| **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (સાચી અમરતાની અને વિકાસ પદ્ધતિ) | ૪૧ |
| **સર્વાંગી આરોગ્ય** (ચૈત્યપુરુષ સાથે એકરૂપતા) | ૪૩ |
| **કેન્દ્ર : પ્રજ્વલિત યજ્ઞવેદી** | ૪૫ |
| **કવરપેજ ૧ ઉપરની સમજૂતી** | **કવરપેજ ૪ ઉપર** |



મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

**સહજ-સત્સંગ**
અંક : ૨૭૦ વર્ષ : ૨૨
જુલાઈ - ૨૦૧૧



સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧
**મો. ૯૮૨૪૩૭૩૯૨૯**

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**


**મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.**
**રિઝર્વ બેંકની સૂચના મુજબ હવે એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
**(કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ) ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઑર્ડરથી**
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ-રાજકોટ'**ના નામે મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.


(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)



ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

# રૂપાંતરની ઘડી

(પૃ.૧૪૩-૧૪૫)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજી પોતાની અનુભૂતિની વિશેષતા જણાવી રહ્યાં છે. જ્યારે માતાજીનું સમગ્ર સ્વરૂપ પ્રભુ સાથે એકરૂપ થવા એકાગ્ર થએલું હોય છે ત્યારે તેમના મનમાં સતત ચાલતી વિચાર-પ્રક્રિયા જાણે થંભી ગઈ હોય છે ! આંતર-મૌનની સ્થિતિ નિર્માણ થાય છે અને હૃદયના પ્રભુ પ્રત્યેના ભાવો અગ્રભાગે આવી સ્વરૂપનો કબજો લે છે. જ્યારે એ ભાવો તીવ્રતમ હોય છે, ત્યારે આંતર-સ્વરૂપ તેજથી, દિવ્યભાવથી ઝળહળતું હોય છે. કારણ ચૈત્યપુરુષ અગ્રભાગે આવેલો હોય છે અને તેથી પ્રભુની હાજરી અને પ્રકાશ ઝળહળી ઊઠતો હોય છે.

આ સ્થિતિમાં જ સમગ્ર દેહ સાથેનું પૂર્ણ સમર્પણ સ્થપાય છે. માતાજી પ્રભુને પ્રાર્થે છે કે આવું સમગ્ર સમર્પણ તેમના સ્વરૂપનું થવા દો. માતાજી જાણે છે કે તેમનું સ્વરૂપ હજુ પૂર્ણ વિકસિત નથી. અધૂરું છે. પણ છતાં અલ્પકાળ માટે ઉપર મુજબનું સમગ્ર સમર્પણ શક્ય છે, એટલું જ કે તે થોડો કાળ જ ટકે છે. માતાજીને શ્રદ્ધા છે કે તે કાયમી સ્વરૂપે સમગ્ર સમર્પણના ભાવમાં રહેતા શીખશે. કારણ પ્રભુ દરેક વસ્તુમાત્રમાં છે અને તેથી તે માતાજીના સ્વરૂપમાં પણ છે જ. તેને ફક્ત અભિવ્યક્ત કરવાની ક્ષમતા વિકસાવવી જરૂરી છે અને એવી ક્ષમતા પ્રાપ્ત કરવાની ઘડી ગણાઈ રહી છે, એવું માતાજીને આંતરિક રીતે લાગે છે.

આ આંતરિક ખાતરીનું કારણ એ છે કે હવે માતાજીના અતિબાહ્ય, અતિનિમ્ન અને અતિ અજ્ઞાનમય એવા સ્વરૂપનો ભાગ પણ પ્રભુ સાથે એકરૂપ થવા થનગની રહ્યો છે. તેની પણ સંમતિ મળેલી છે. તે નિમ્ન-સ્વરૂપ પણ પ્રભુને વિનવી રહ્યું છે કે પ્રભુ પોતાનું દિવ્ય-કાર્ય તેમનામાં પણ કરે અને તેમને દિવ્ય બનાવે. આવા રૂપાંતર વગર પ્રભુનો પૂર્ણ આવિર્ભાવ શક્ય જ નથી, એ માતાજી જાણે છે.

માતાજી જ્યારે ભાવપૂર્ણ અવસ્થામાં પોતાના તત્ત્વોનું રૂપાંતર થાય એવી પ્રાર્થનામાં મગ્ન છે ત્યારે તેમના હૃદયમાં પ્રભુનો કરુણાસભર અવાજ ઊઠતો લાગે છે, જે જણાવે છે કે જે કાંઈ તેમના અને અન્યોનાં સ્વરૂપોમાં કરવાનું હશે તે યોગ્ય સમયે કરી દેવામાં જ આવશે અને એ રીતે બધાં કરણોને તૈયાર કરવામાં આવશે. પ્રભુ માતાજીને જણાવે છે કે તેનો અર્થ એમ નથી કે તારે પોતાનો સાધના માર્ગ છોડીને હવે આરામ કરવાનો છે. માતાજીએ તો તેમની સાધના પહેલાની જેમ જ તીવ્રતાથી ચાલુ રાખવાની જ છે.

# પ્રભુકૃપા

- જ્યોતિબેન થાનકી

**કૃપા કેવી રીતે આવે છે ?**

ભગવદ્‌કૃપા બહુ જ ચૂપકીદીથી આવે છે. સાધના પછી મનુષ્યને શક્તિ મળે, સિદ્ધિ મળે તો તેને ઉત્સાહ, વેગ, શક્તિનો અનુભવ થાય છે. કૃપા ધીમે પગલે મનુષ્યના અંતરમાં ઊતરે છે કે તત્કાળ તો એના આગમનની જાણ પણ થતી નથી. પણ પછી જ્યારે તે પોતાનું કાર્ય શરૂ કરે છે, ત્યારે શાંત મન દ્વારા તેના કાર્યની ઝાંખી થવા લાગે છે. મુશ્કેલીઓ દૂર થવા લાગે છે. હૃદયમાં શાંતિ અનુભવાય છે. એવી શ્રદ્ધા જાગે છે : ''બધું બરાબર થઈ જશે. શ્રી માતાજી કહે છે કે, જેને તે સાંભળતા આવડે છે, તેના માટે તે સ્પષ્ટ છે.'' જેમને આ સાદ સાંભળતા આવડે છે, તેમને માટે જીવન પ્રભુકૃપા અવિરત અનુભૂતિ કરાવનાર બની રહે છે. તેઓના જીવનમાં પછી કોઈ બોજો કે ચિંતા, શંકા કે નિરાશા રહેતાં જ નથી.

શ્રી માતાજી કહે છે કે, ''જે ક્ષણે તમે ભગવાનની કૃપાના સંપર્કમાં આવો છો, ત્યારે સમયની એક પણ ઘડી એવી નથી હોતી કે અવકાશમાં એક પણ બિંદુ એવું નથી હોતું કે જે ભગવાનની કૃપાના આ અવિરત કાર્યને, સતત દરમિયાનગીરીને આંખો અંજાઈ ન જાય એ રીતે પ્રગટ કરતું ન હોય !' પરંતુ આપણને એનો અનુભવ નથી, એટલે આપણે કૃપાના કાર્યને અનુભવી શકતા નથી. શ્રી માતાજી આગળ કહે છે કે ''એકવાર તમે એ કૃપાને જુઓ, તો તમને એમ લાગશે કે હું તેના માટે સાચ્ચે જ યોગ્ય નથી. હું તે કૃપાને કદી ભૂલી જઈ શકું તેમ નથી. હવે મને કોઈ ભય રહ્યો નથી. વ્યથા, પશ્ચાત્તાપ, પીછેહઠ પણ રહ્યાં નથી. દુઃખ પણ રહ્યું નથી..... આ કૃપાનો અનુભવ માણસ સર્વત્ર કરે તો તેનું જીવન આનંદ અને શક્તિથી સભર બની જાય.''

**પ્રભુકૃપા પ્રત્યે આપણું વલણ કેવું હોવું જોઈએ ?**

સામાન્ય જીવનમાં મોટેભાગે આપણે ભગવાનની કૃપાની યાચના આપણી મુશ્કેલીઓને દૂર કરવા માટે અથવા કોઈ વસ્તુની પ્રાપ્તિ માટે કરતા હોઈએ છીએ. અમુક કાર્યમાં સહાય માટે પણ પ્રાર્થના કરતા હોઈએ છીએ. આ વલણ યોગ્ય ગણાય ખરું ? શ્રી માતાજી આવા એક પ્રશ્નના ઉત્તરમાં જણાવે છે કે, ''ઉત્તમ સ્થિતિ એ છે કે

પ્રભુની કૃપાને જેમ કરવું હોય તેમ કરવા દેવું. પણ ખરેખર જો કોઈ વસ્તુ મેળવવાની હોય તો દિલની પૂરી સચ્ચાઈથી તેની માગણી પ્રભુની કૃપા સમક્ષ કરી દેવી એ વધારે સારું. પછી એ કાર્ય પાર પાડવું કે નહીં, તે વસ્તુ આપવી કે નહીં તે પ્રભુની કૃપા પર આધારિત છે.'' ખરેખર જરૂર હોય તો પ્રભુકૃપા સમક્ષ એ માગણી મૂકી દેવી પણ પછી એ પ્રમાણે જ બનવું જોઈએ એવો આગ્રહ ન રાખવો જોઈએ. ઘણીવાર માગણી પ્રમાણે ન થાય અથવા તો એથી વિપરીત પણ થાય તો પછી માણસે પ્રભુકૃપા કાર્ય કરતી નથી એમ કહેવું ન જોઈએ. પણ મારા હિતમાં નહીં હોય તેથી મને એ વસ્તુ મળી નથી કે કાર્ય સિદ્ધ થઈ શકયું નથી એમ માનીને પ્રભુએ નહીં આપીને મુશ્કેલ પરિસ્થિતિમાંથી ઉગારી લીઃાો છે, એ કૃતજ્ઞતાના ભાવ સાથે પ્રભુકૃપાનો આભાર માનવો જોઈએ.

**પ્રભુકૃપા પ્રત્યેનું શ્રેષ્ઠ વલણ :**

શ્રી માતાજી આ અંગે માર્ગદર્શન આપતાં કહે છે કે ''પ્રભુને તમારે એમ કહેવું જોઈએ કે મારા માટે જે જરૂરનું હોય તે કરો. મારા અસ્તિત્ત્વના સત્ય પ્રત્યે મને દોરી જાઓ. તમારા પરમજ્ઞાનમાં તમને એમ જણાય કે મને આ વસ્તુની જરૂર છે, તો તે મને આપો.'' પ્રભુની પાસે વસ્તુઓ માગવા કરતાં પ્રભુને આપણા વિકાસ માટે જે જરૂરી જણાય તે આપવા કહેવું તે શ્રેષ્ઠ વલણ છે.

પ્રભુ, આપણાં કરતાં આપણી જરૂરિયાતને વધારે સારી રીતે જાણે છે. જો આપણે આપણા મનની ઈચ્છાઓ, પ્રાણની માગણીઓને ભેળવ્યા વગર પ્રભુકૃપાને જ સીધી કાર્ય કરવા દઈએ તો એ કૃપા આપણને સીધી ભગવાન પાસે જ લઈ જાય છે. શ્રી માતાજી કહે છે કે, ''આપણે જાણતા હોઈએ કે ન જાણતા હોઈએ, આપણને ગમતું હોય કે ન ગમતું હોય, પણ તે આપણા પરમ લક્ષ્ય પ્રત્યે, પ્રભુ પ્રત્યે, પ્રભુ સાથેના મિલન પ્રત્યે, તેની સાથેની એકતા પ્રત્યે દોરી જાય છે. કૃપાના આ કાર્યમાં અને તેની હાજરીમાં માણસ આનંદપૂર્ણ, આશ્ચર્યપૂર્ણ સંપૂર્ણ જીવન જીવે છે. તેને પોતાની અંદર અદ્‌ભુત શક્તિની પ્રતીતિ થાય છે. સાથે સાથે એવો શાંત પરિપૂર્ણ વિશ્વાસ એનામાં પ્રગટે છે કે જેને કોઈપણ વસ્તુ કે શક્તિ ડગાવી શકતી નથી..''

**રૂપાંતરના યોગ માટે પ્રભુકૃપા અનિવાર્ય :**

જેમને પોતાની કૃતિનું દિવ્યરૂપાંતર કરવું છે, તેમના માટે પ્રભુકૃપા મેળવવી અનિવાર્ય છે, કેમ કે રૂપાંતર પ્રભુકૃપાથી જ શક્ય બને છે. શ્રી માતાજી કહે છે કે ''જો તમારે યોગ કરવો હોય તો પછી જે કંઈ બને છે, તે બધું જ દિવ્યકૃપાની અભિવ્યક્તિ

તરીકે સ્વીકારો. તે કૃપા તમને તમારા લક્ષ્ય પ્રત્યે લઈ જાય છે.'' યોગ કરનાર માટે તો પ્રત્યેક બનાવ દ્વારા પ્રભુકૃપા લક્ષ્ય પ્રત્યે લઈ જાય છે. પ્રભુકૃપા અસત્ય, અજ્ઞાન, અંધકારનાં બળો ઉપર સીધું કામ કરી સાધકને બળોની પકડમાંથી ઝડપથી મુક્ત કરાવે છે. વિરોધી બળોના હુમલાની સામે રક્ષણ પણ પ્રભુકૃપા જ આપે છે અને આવા બળોની વચ્ચેથી સહીસલામત પાર કરાવીને પ્રભુ સમીપ લઈ જનારી પણ પ્રભુકૃપા જ છે. પ્રકૃતિના દિવ્યરૂપાંતરની સાધના માટે શ્રી અરવિન્દ જે બે શક્તિઓને અનિવાર્ય ગણાવે છે, તેમાંની એક પ્રભુકૃપા જ છે. ''મા'' પુસ્તકમાં શ્રી અરવિન્દ જણાવે છે કે એવી બે જ શક્તિઓ છે, જેમના કાર્યનો એકસાથે યોગ થાય તો આપણી યોગ સાધનાના મહાન અને કષ્ટસાધ્ય ઉદ્દેશને સિદ્ધ કરવા સમર્થ બને. એક નીચેથી એટલે કે માનવતામાંથી સાદ કરતી, સ્થિર અને સદાજાગૃત અભીપ્સા; બીજી ઊર્ધ્વલોકમાંથી એનો પ્રત્યુત્તર આપતી પ્રભુની કૃપા'' અભીપ્સા દ્વારા નીચે આવતી પ્રભુની કૃપા દ્વારા જ આ દિવ્યરૂપાંતર થઈ શકે છે. આથી પૂર્ણયોગના સાધકે પ્રભુકૃપાને પાત્ર બનવું જોઈએ. પ્રભુકૃપા આધારમાં ઊતરે ત્યારે જ રૂપાંતરના કાર્યનો પ્રારંભ થાય છે. પ્રભુકૃપા દ્વારા જ આ યોગ સિદ્ધ બને છે. જેઓ સાચા દિલથી પ્રભુને સાદ કરે છે, તેઓ અચૂક પ્રભુકૃપા પ્રાપ્ત કરે છે અને પ્રભુકૃપાથી સર્વકાંઈ શક્ય અને

(પૃષ્ઠ ૪૨ ઉપરથી)

## શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

શરીરમાં ચેતનાને ભરી દેવાની ધ્યાન-પદ્ધતિઓ પણ છે, જે ચૈત્યપુરુષને શરીરના સંચાલનમાં મદદરૂપ થાય છે. શરીરમાં અદ્‌ભુત ક્ષમતાઓ છે, જેની આપણે કલ્પના પણ ન કરી શકીએ. શારીરિક ક્ષમતામાંનો વધારો માનસિક ક્ષમતાઓને પણ વધારે છે. સર્વ અવયવોના સંવાદમય વિકાસનું પાસું પણ ધ્યાનમાં લેવામાં આવે છે. ચૈતસિક - વિકાસ બાબત વ્યક્તિ સભાન હોય તો તે શારીરિક વિકાસ દ્વારા પણ તે વિકાસ સાધી શકે છે. દા.ત. પિયાનો-વાદનને કલા અથવા આંગળીની કરામત તરીકે વિકસાવવી અને પ્રભુની સેવા તરીકે વિકસાવવી; તેનાં પરિણામોમાં મોટો તફાવત પડી જાય છે. સારાંશ, શારીરિક કેળવણી આધ્યાત્મિક ધ્યેયોને પણ મદદરૂપ થઈ શકે છે અને શરીરને આત્માના આવિર્ભાવનું સારું માધ્યમ બનાવી શકે છે. અતિમનસ શરીરના આવિર્ભાવ માટેની આવી પૂર્વ તૈયારીઓ આપણે સમજીને કરવી જરૂરી છે. શારીરિક કેળવણી આ રીતે સર્વાંગી વિકાસ સાધે છે. શારીરિક, માનસિક, ચૈતસિક અને આધ્યાત્મિક પણ. આ જ શરીરને સભાન રીતે, જાગૃત રીતે આત્માના અમર સાધન તરીકે વિકસાવવાનો માર્ગ છે.

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

(માતૃવાણી - ૪, પૃ.૯૬-૧૦૦)

## ભાગવત-સંકલ્પને જાણવાની રીત

પ્રકરણ - ૯

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ ભગવાન સાથે એકતા કરવાથી તેઓ (શક્તિઓ) આવે છે. તેમનો ઉપયોગ ભગવાનની ઈચ્છા સફળ કરવામાં થવો જોઈએ. પૃ.૯૬

૨ પ્રાણમય સત્ત્વો સાથે કામ પાર પાડવું સલાહભરેલું નથી. પૃ.૯૭

૩ નાનાં નાનાં પ્રાણમય સત્ત્વો..... તમારી સાથે રમત રમે છે અને પછી બધું ખલાસ થઈ જાય છે. પૃ.૯૮

૪ ભાગવત-સંકલ્પ સાથે સુસંગત હોય તે સિવાયની બીજી કોઈ વસ્તુથી દોરવાઈ કાર્ય ન કરવું. પૃ.૯૮

૫ (ભાગવત-સંકલ્પમાં) તમારા હૃદયની નીરવતામાં જે શાંત અને સ્થિર મૃદુ સાદ પ્રગટ થાય છે તે તમારે ધ્યાનપૂર્વક સાંભળવાનો રહે છે. પૃ.૯૮

૬ એ વાણી સાંભળવા માટે તમારે તદ્દન સાચા દિલના થઈ રહેવું જોઈએ. પૃ.૯૮

૭ જ્યારે તમે ભાગવત-સંકલ્પથી વિરુદ્ધ કશું કરતા નહિ હો, ત્યારે કદાચ તમને તેનો કોઈ ચોક્કસ અણસાર નહિ મળે. પૃ.૯૮

૮ (ભાગવત-સંકલ્પ વિરુદ્ધ જવાથી) અચાનક તમને ક્યાંક કંઈક જરા જેટલી બેચેની જણાય છે. પૃ.૯૮

૯ એ ક્ષણે જે કાંઈ કરતા હો તે કામ બંધ કરીને તમારી જાતનું નિરીક્ષણ કરવું જોઈએ..... જો તમારામાં અંતરની સચ્ચાઈ હશે તો તમને તમારા સ્વરૂપમાં એક નાનું કાળું ટપકું (અધમવિચાર, ભાવના કે કૃતિ કરવાનો સંકલ્પ) દેખાશે. તે તમારી અસ્વસ્થતાનું ઉગમસ્થાન છે. (અહંની નાનીશી ચાલ) પૃ.૯૯

૧૦ તમારા વ્યક્તિતામાં ઐક્ય સ્થાપવાનું આ પ્રથમ પગલું છે. પોતાના કેન્દ્રમાં ભાગવત-સંકલ્પની સતત અભિવ્યક્તિ ધારણ કરનાર વ્યક્તિ થવું, એ સંકલ્પ અનુસાર કાર્ય કરનાર વ્યક્તિ થવું આ પ્રયત્ન કરવા જેવો છે. પૃ.૯૯

પ્રભુ સાથે એકરૂપ થઈ જવાથી પ્રભુમાં રહેલ દિવ્ય-શક્તિઓ આપણા સ્વરૂપમાં પ્રવાહિત થતી હોય છે. મૂળ તો બધી જ દિવ્ય - શક્તિઓ પ્રજ્ઞાશક્તિનાં જ વિવિધરૂપો છે. પ્રજ્ઞાશક્તિ આ પ્રભુની સર્જન અને જ્ઞાનશક્તિ છે. તે પ્રકાશમય છે. પ્રભુ સાથેની એકરૂપતા પ્રજ્ઞાશક્તિના પ્રવાહને ખેંચી લાવે છે. તેની પાછળ અનેક દિવ્ય-ક્ષમતાઓ પણ આપણી પ્રકૃતિની વિશેષતા ધ્યાનમાં લઈને પ્રગટ થતી હોય છે.

તેથી દિવ્ય-શકિતઓ મળે તો તે પ્રભુના કાર્ય માટે જ મળેલી હોવાથી તે માટે જ વપરાવી જોઈએ. પ્રભુનું આયોજન સફળ કરવામાં જ તેનો ઉપયોગ થવો જોઈએ.

આ પ્રજ્ઞાશક્તિએ આપેલી દિવ્યક્ષમતાઓ અને નાના નાના પ્રાણમય સત્ત્વોએ આપણા માટે વાપરેલી તેમની અસાધારણ ક્ષમતાઓ એક જ નથી. પ્રાણમય સત્ત્વોને માનવો સાથે રમત રમવામાં મજા આવે છે. તે રમત બિલાડી-ઊંદર જેવી પુરવાર થાય છે. આપણો સર્વનાશ એ જ આ સત્ત્વોનું ધ્યેય હોય છે. આપણને હાથા બનાવી પ્રાણશક્તિ શોષી લેવી એ તેમનું ધ્યેય હોય છે, તેથી આવા તત્ત્વો સાથે સંપર્કમાં રહી ચમત્કાર કરવા હિતાવહ જરાપણ નથી.

માતાજી એક વેપારીનો દાખલો આપે છે. તેને એક પ્રાણમય સત્ત્વ લોટરી અને સટ્ટાકીય ધંધા બાબત માર્ગદર્શન આપતું. તે તેમાંથી ઘણા પૈસા કમાયો. બધાને કહેતો, ''મારા જેમ પ્રાણમય સત્ત્વોને મિત્ર બનાવો અને કરોડપતિ થાઓ.''

અ પ્રાણમય સત્ત્વે તેને કહ્યું, ''બધું જ છે તે દાવ ઉપર લગાડી દે, તું હવે જગતમાં સહુથી વધારે ધનવાન બની જવાનો છે.'' તેણે તે મુજબ કર્યું. કરોડપતિ નહિ પણ રોડપતિ બની ગયો !

તેથી સાચા સાધકે જીવનમાં નીચેના નિયમો ખાસ પાળવા : (૧) ભાગવત-સંકલ્પ સાથે જે સુસંગત હોય તેની સિવાય અન્ય વસ્તુથી કોઈ વખત દોરવાઈ જવું નહિ. (૨) ભાગવત-વાણી સાંભળવા માટે તદ્દન સાચા દિલના થઈને રહો તો જ તે વાણી સંભળાશે. (૩) તમારા હૃદયને નીરવ કરી દો. તે નીરવતામાં જ તમને જે શાંત સ્થિર, મૃદુ, સાદ પ્રગટ થાય છે તે જ ભાગવત - વાણી હોય છે. (૪) તમે ભાગવત - સંકલ્પથી કોઈ વસ્તુ વિરોધી ન કરતા હો તો તે સંકલ્પ પ્રકટ થતો નથી. (૫) જ્યારે તમે ભાગવત સંકલ્પથી વિરુદ્ધ કોઈ વિચાર, ભાવ કે સંકલ્પ કરો છો ત્યારે તમને

(પૃ.૨૮ ઉપર)

પુસ્તક પરિચય - **કે.કે.ખખ્ખર**

**(લેખ ક્રમાંક - ૨૪)**

## આધ્યાત્મિક સમાજ - ૧

શ્રી અરવિન્દ એ બાબતમાં ખૂબ જ સ્પષ્ટ છે કે વ્યક્તિ અને સમાજના વિકાસનો આખરી પડાવ આધ્યાત્મિક સમાજ છે. માનવવિકાસ ચક્રના છેલ્લાં પ્રકરણોમાં આધ્યાત્મિક સમાજ તરફની માનવયાત્રાની સમજૂતી આપવામાં આવી છે.

શ્રી અરવિન્દની પરિકલ્પના મુજબના આધ્યાત્મિક સમાજનું સ્વરૂપ આ અંગેની આપણી સામાન્ય સમજણથી અલગ પડે છે. શ્રી અરવિન્દ કહે છે કે આવો સમાજ, માણસ જેવો છે તેવો સ્વીકારીને આગળ ચાલે છે. તેમાં મનુષ્યની તમામ મર્યાદાઓ અને અપૂર્ણતાઓનો આપોઆપ સમાવેશ થઈ જાય છે. શ્રી અરવિન્દ એમ ખાતરીપૂર્વક ઉચ્ચારે છે કે વર્તમાન યુગનો મનુષ્ય તેના તમામ ગુણો અને અવગુણો સહિત, ધીમી પણ મક્કમ ગતિએ આધ્યાત્મિક સમાજ તરફ આગળ વધી રહ્યો છે.

શ્રી અરવિન્દે માનવવિકાસ ચક્ર ગ્રંથમાં અનેક સ્થળે નોંધ્યું છે કે માનવજાતિનો વિકાસ તેની બૌદ્ધિકતાના નીચા, એટલે કે નિમ્ન-બૌદ્ધિક (ઇન્ફ્રારેશનલ) સ્તરથી શરૂ થાય છે. આવા સ્તરના માનવીએ પોતાની વિવેકબુદ્ધિના આધારે નિર્ણયો કરવાનું જ્ઞાન હજુ મેળવેલ હોતું નથી. તેણે આધ્યાત્મિક સમાજમાં પ્રવેશ મેળવવા માટે વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવાનું કે તેનો આધાર પ્રાપ્ત કરવાનું અનિવાર્ય છે. તે બૌદ્ધિક (રેશનલ) તબક્કામાંથી પસાર થયા બાદ જ ઉચ્ચ-બૌદ્ધિક (સુપ્રા-રેશનલ) અથવા આધ્યાત્મિક યુગમાં જઈ શકે છે.

શ્રી અરવિન્દે સમજાવ્યું છે કે મનુષ્ય તેની નિમ્ન બૌદ્ધિકતાની અવસ્થામાં હોય તો પણ તેને બૌદ્ધિકતા અને આધ્યાત્મિકતાના તત્ત્વોથી તદ્દન અલગ હોવાનું માની લેવું ભૂલભરેલું છે. તેઓ ત્યાં સુધી કહે છે કે તદ્દન જંગલી કે અસભ્ય અવસ્થાના માણસ પાસે પણ તેનાં જીવન, કાર્ય અને ધર્મ અંગે કોઈક વિચાર જરૂર હોય છે. આપણે તાર્કિકતાની ઊંચાઈ પરથી આવા લોકોને જોઈએ તો તેઓનાં વિચારો અને જીવન ગોટાળાભરેલાં અને અસંગઠિત જણાય, પરંતુ આવા લોકો પણ તેમના જીવનની ચોક્કસ બાબતો પ્રત્યે જાગૃત અને સમજદાર હોય છે. શ્રી અરવિન્દ આથી જ કહે છે કે અસભ્ય ગણાતી વ્યક્તિ પણ સભ્યતાની ઊંચી અવસ્થાએ પહોંચવાની ક્ષમતા ધરાવે છે.

શ્રી અરવિન્દ એવી શક્યતાનો સ્વીકાર કરે છે કે કેટલાક લોકો નિમ્ન-બૌદ્ધિક અવસ્થામાંથી સીધા જ આધ્યાત્મિક અવસ્થામાં પ્રવેશી ગયાનું જોવા મળે છે. શ્રી અરવિન્દ કહે છે કે આવું અપવાદરૂપ કિસ્સાઓમાં અને એકલદોકલ વ્યક્તિ માટે સાચું ઠરી શકે. સમગ્ર માનવસમાજ નિમ્ન-બૌદ્ધિક અવસ્થામાંથી સીધો જ આધ્યાત્મિક સમાજમાં પ્રવેશી શકે નહીં. શ્રી અરવિન્દે એમ સ્પષ્ટ કરી આપ્યું છે કે આધ્યાત્મિક સમાજના આગમન પૂર્વે મન અને બુદ્ધિનો પૂર્ણવિકાસ થવો જરૂરી છે. મનુષ્ય તેની મનોમય સત્તાના વિશાળ આધારની મદદ વગર આધ્યાત્મિક સમાજમાં પ્રવેશી શકે નહીં.

આધ્યાત્મિક સમાજમાં પ્રવેશ મેળવતી વ્યક્તિ પાસે વિશાળ વિવેકબુદ્ધિનો આધાર જરૂરી હોવા છતાં તેણે એવી કાળજી લેવાની રહે છે કે તાર્કિકતા ક્યારેક ચતુરાઈપૂર્વક મનુષ્યને આધ્યાત્મિકતા તરફ જતો રોકી રાખે છે. આથી જ શ્રી અરવિન્દ તર્કબુદ્ધિ અને આધ્યાત્મિકતાની જુગલબંધીને જરૂરી ગણે છે. આ માટે શ્રી અરવિન્દ વિશેષ સમજૂતી આપતાં લખે છે કે બૌદ્ધિક સમાજની અંદર પણ અવબૌદ્ધિક કે બર્બર - જંગલી સમૂહો છૂપાએલાં હોય છે. તેઓ બૌદ્ધિક સમૂહો પર આક્રમણ કરવા હંમેશા તૈયાર હોય છે. આથી ઉચ્ચ બૌદ્ધિકતા કે આધ્યાત્મિકતા તરફ આગળ વધી રહેલા સમૂહોની યાત્રા અવરોધાય છે. પરંતુ, શ્રી અરવિન્દ એમ પણ ઉમેરે છે કે સંઘર્ષની આ પ્રક્રિયા દરમ્યાન પણ તાર્કિકતા અને વિવેકબુદ્ધિનો સતત વિકાસ થવાનું ચાલુ જ રહે છે. આધ્યાત્મિક સમાજની રચનાના મહા પ્રયત્ન દરમ્યાન મનુષ્યને તેની બુદ્ધિ અને વિવેકશક્તિનો પ્રકાશ મળ્યા કરે છે અને તેની આધ્યાત્મિક સમાજ તરફની ગતિ ધીમી પણ મક્કમ સ્વરૂપે ચાલુ જ રહે છે.

શ્રી અરવિન્દ આપણને સમજાવે છે કે તર્કબુદ્ધિનું કાર્ય એવું સત્ય શોધી આપવાનું છે કે જે શુદ્ધ હોય. આધ્યાત્મિક સમાજની રચનાનો પાયો જેને વૈશ્વિક સ્તરે લાગુ કરી શકાય તેવા સત્યનો બનેલો હોય છે. આ એવું આદર્શ સત્ય છે જે માનવસમાજના સુચારુ સંચાલન માટે શ્રેષ્ઠ હોય છે. તે જ્યાં સુધી મળી ન આવે ત્યાં સુધી તર્કબુદ્ધિની મથામણ ચાલુ જ રહે છે. સત્યની શોધ માટેની તર્કબુદ્ધિની મથામણ એ જ તેની પ્રકૃતિ છે. આથી જ શ્રી અરવિન્દ માને છે કે તાર્કિકતાનો યુગ હંમેશા પ્રગતિનો યુગ બની રહે છે.

આમ, શ્રી અરવિન્દની પરિકલ્પના મુજબના આધ્યાત્મિક સમાજની રચનાનો માર્ગ નિશ્ચિત છે. તે માનવસમાજના નિમ્ન બૌદ્ધિક તબક્કાથી શરૂ થઈને તાર્કિકતા અથવા વિવેકબુદ્ધિની મદદથી ઉચ્ચ તાર્કિકતા અને આધ્યાત્મિકતા તરફ મનુષ્યને દોરી જાય છે.

# આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના ઈ-મેગેઝીન જૂનનાં ૨૦૧૧ના Next Futureનો સાર - સાભાર)

## દિવ્ય આંદોલનો

સમજૂતી : કમલેશ માંડવિયા

સમયના પ્રવાહમાં આપણે અચાનક જ અમૂક પ્રકારનાં આંદોલનો અનુભવીએ છીએ અને આના સારાં-નઠારાં પરિણામો અનુભવીએ છીએ. આપણને જાગૃતિ આવતાં આપણે આપણામાંની ત્રુટિઓ પ્રત્યે પણ સભાન બનીએ છીએ.

પ્રભુની શોધમાં આ આંદોલનો મદદરૂપ બને છે. આપણે જાણે તમસમાં હોઈએ છીએ અને અભીપ્સાને કારણે આવા દિવ્ય આંદોલનો આપણે અનુભવીએ છીએ. મન-પ્રાણ-શરીર પોતાની ઘરેડમાં ચાલતા હોય છે છતાં પણ આપણી શોધને જ્વલંત રાખે છે આપણો આત્માનો અવાજ !

અચાનક જ આપણને ઊંચે ને ઊંચે લઈ જતી ઘટનાઓ બને છે- જાણે કે એક વિશાળ મોજા પર આપણે સવાર હોઈએ ! ક્યારેક પાતાળમાં તો ક્યારેક ગગને વિહરીએ છીએ. આવા સંદેશાઓ ગમે તે પ્રકારે આપણી સામે આવે છે. સંગીત, કલા, પુસ્તકો કે અન્ય કોઈપણ સ્વરૂપે આપણને એ દિવ્ય સંદેશો આપી જાય છે. આપણી અભીપ્સાની પ્રમાણિકતાના જોરે આપણામાં આંતરિક બદલાવ બનીને જ રહે છે ! તેથી આપણે હંમેશા એક દિવ્ય ચેતનામાં રહેતા શીખવું જોઈએ. દરેક આંદોલન એક તો આપણને પ્રભુની પાસે લઈ જાય છે અથવા દૂર તેથી -

આ મુશ્કેલ કાર્યમાં આપણી સજાગતા જ આપણી સાચી પસંદગી બનીને આપણને આગળ દોરે છે - વધુ ને વધુ પ્રકાશિત બની રહીએ છીએ.

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## પ્રભુનો પ્રયોગ

પ્રકરણ - ૧૦૬

(Savitri B-1, C-3, P - 42-43)

A spirit hid in forces and in forms
Was the spectator of the mobile scene:
The beauty and the ceaseless miracle
Let in a glow of the Unmanifest:
The formless Everlasting moved in it
Seeking its own perfect form in souls and things

જે ઊર્ધ્વમાંના ચેતનાના અવતરણને લીધે અવચેતન અને અચેતનમાંનાં સત્યો સળવળવા માંડ્યાં હતાં, તે સત્યો તો ખરેખર ચેતનાને પ્રગટ કરવાનાં ખોખાં અને નામરૂપ જ હોય છે, કોઈ આકાર તરીકે અને કોઈ તે આકારદ્વારા પ્રગટ થતી ક્ષમતા કે શક્તિ સ્વરૂપનાં. આ રૂપ અને શક્તિસ્વરૂપ અવતરણ પામેલી ચેતનાનો પ્રવેશ જાણે ચેતનાને પોતાને છુપાવી દેવાનો પ્રયત્ન હતો અને ઊર્ધ્વમાં રહેલી ચેતના આ બધી ગતિવિધિ (mobile scene) પોતાના આયોજનરૂપે થઈ રહી છે એ જોઈ રહી હતી (Spectator). આ ઘટના એક સતત-ચાલતા (ceaseless) ચમત્કાર જેવી છે, પણ તેમાં પ્રભુનાં આંતર-વૈભવનો ખજાનો પ્રગટ થતો હોવાથી તે એક સુંદર-કાર્ય પણ બની જાય છે. પ્રભુ તો અવ્યક્ત છે Unmenifest છે. તેમને વ્યક્ત થવું છે અને જ્યારે તે પોતાને પ્રગટ કરવા પ્રયત્ન કરે છે, ત્યારે ત્યાં એક વધારે તીવ્ર પ્રકાશ પ્રગટ થવા માંડે છે (glow) કારણ તે વખતે પ્રભુ આંતરિક રીતે પોતાની જ ચેતનાના તે વિસ્તારમાં પોતાનું સંકલ્પ-બળ મૂકીને એકાગ્ર થએલાં હોય છે. આ એકાગ્રતાની તીવ્રતા જ પેલા ઝગારા તરીકે પ્રગટ થાય છે.

ચેતના અવ્યક્ત છે, કારણ તે નિરાકાર હોય છે. તેની સનાતન નિરાકારતાને છોડીને તે પ્રગટ થવા સાકાર થાય છે. રામકૃષ્ણ પરમહંસ કહેતા તેમ જળ જેવો નિરાકાર-પ્રભુ ભક્તિનો ઠંડો પવન વહેતા જ સાકાર બરફ જેવો બની જાય છે ! તે પ્રભુ પોતાને પૂર્ણ રીતે, કાયમી સ્વરૂપે પ્રગટ કરી શકે તેવાં સ્વરૂપો અને આકારો શોધવા જાણે નીકળી પડ્યાં છે ! અત્યાર સુધી અનંત આકારોને ચકાસ્યા છે અને પડતા મૂક્યાં છે. જે આકારમાં આશા દેખાઈ છે તેમને વિકસાવી રહ્યાં છે. અવનવા આકારોને ગૂઢ રીતે પોતાની ચેતનાનાં જ અસીમ વિસ્તારમાંથી બોલાવી-બોલાવીને વીણીવીણીને પ્રગટ કરી રહ્યાં છે. આવા સ્વરૂપોને જ આપણે આત્માઓ કહીએ છીએ (souls) અને તેમને દિવ્ય-શરીર ધારણ કરવાં તેવા શુદ્ધ રૂપાંતરિત તત્ત્વો પણ (things) વિકસાવી રહ્યાં છે.

Life no more a dull and meaningless shape.
In the struggle and upheaval of the world
He saw the labour of a god head's birth:
A secret knowledge masked as Ignorance;
Fate covered with unseen necessity
The game of chance of an omnipotent will.

પ્રભુના ઉપરોક્ત કાર્યને લીધે હવે જીવનનો આવિર્ભાવ એ કાંઈ નિરર્થક આકાર અને નિરસ ઘટના નહોતી રહી. તેમાં થતું ચેતનાનું કાર્ય, વિકાસ અને અવરોધો ઉપર સ્થાપિત થતો વિજય એ એક રોમાંચક રહસ્ય-કથા બની ગઈ હતી. અશ્વપતિનો જગત તરફ જોવાનો દૃષ્ટિકોણ જ બદલાવા માંડ્યો હતો. તેને જગત પ્રભુનો જ વિરાટ - દેહ લાગવા માંડેલો. તેને વિરાટનાં દર્શન થવા લાગેલાં - અર્જુનની જેમ અશ્વપતિને લાગ્યું કે આ જગતમાં ચાલી રહેલ મહાસંઘર્ષ અને અવ્યવસ્થા (upheaval)ની પાછળ જાણે પ્રભુ જન્મ લઈ રહ્યાં છે ! ભલે તે જન્મનું સ્વરૂપ હાલમાં નિર્બળ, અક્ષમ, વિરૂપ કે વ્યર્થ લાગે પણ તેની દ્વારા જ પ્રભુ વધારે વિકસિત સ્વરૂપો રચવા અથાક પ્રયત્નો કરી રહ્યાં છે (labour). આ પ્રાણીઓ જે અજ્ઞાન ધરાવે છે તે તો બહારથી દેખાતો એક અંચળોમાત્ર છે, અંધારપિછોડો માત્ર છે. તેની પાછળ તો એક ગૂઢ-જ્ઞાન, ગુપ્તજ્ઞાન વિકાસ પામી રહ્યું છે. અચિત્‌નો અંધકાર અને અજ્ઞાન એ તેનું જાણે બાહ્ય સંરક્ષણાત્મક કવચ છે - કોચલું માત્ર છે, પ્રારબ્ધ છે. તે તો આ જીવતા પ્રાણીઓને અજાણ (unseen) એવી પૂર્વતૈયારી રૂપ જ છે. તે જાણે અજાણતા બધી પૂર્વ - જરૂરિયાતો રચી રહ્યાં છે ! બહારથી જે આકસ્મિક વાત લાગે છે, કાગનું બેસવું અને ડાળનું પડવું લાગે છે, અસંબદ્ધ ઘટનાઓ લાગે છે; તે તો નીચે અવ્યક્ત રહેલા સત્યનાં વિવિધ પ્રગટ ભાગ રૂપ જ છે.

નીચે અજ્ઞાતમાં જોડાએલાં છે. પ્રગટમાં જોડાણ વગરનાં, એકબીજાથી તદ્દન અલિપ્ત રહે છે. આ બધું પેલા સર્વજ્ઞ પ્રભુનું ગૂઢ આયોજન હોય છે. તે સર્વસમર્થ પ્રભુની પોતાની પ્રગટ થવાની આગવી રીત અને શૈલી હોય છે, style હોય છે. શ્રી અરવિન્દ "Will"નો આદ્યાક્ષર કેપિટલ કરીને તે પ્રભુનાં સંકલ્પ છે એમ દર્શાવે છે.

The All-blissful sat unknown within the heart:
Earth's pain were the ransom of its prisoned delight.
A glad communion tinged the passing hours;
The days were travellers on a destined road,
The nights companions of his musing spirit.

આ વિકાસ પામતાં સ્વરૂપોમાં, તેમનાથી અજાણ એવા પૂર્ણ આનંદસ્વરૂપ પ્રભુ બિરાજેલાં હોય છે. તે સ્વરૂપ બહાર સુખ અને આનંદ શોધતું ફરે છે અને અંદર તો આનંદનો અમૃત-કલશ છલકાતો હોય છે. કસ્તુરીમૃગ જેવી તેની દયામણી અવસ્થા હોય છે ! દાટેલા ચરુ ઉપર બેસી જીવનપર્યંત ભૂખ્યો ટળવળતો ભિખારી જેવો તે બેહાલ હોય છે ! તેનાં શારીરિક-કષ્ટો (earth's) એટલે તીવ્ર અને અસહ્ય આનંદને ઝીલવાની અક્ષમતા સ્વરૂપ હોય છે. કરોડોની લૉટરી લાગેલી સાંભળી ભિખારીનું હૃદય બેસી જાય તેવી આ ઘટના હોય છે. શરીરની મર્યાદાઓ જ દુઃખ પેદા કરે છે. તે મર્યાદાઓ ત્યાગવી, ઓળંગવી જરૂરી છે. મર્યાદાઓની આળપંપાળ કરતાં-કરતાં આનંદ શોધવો એટલે અપથ્ય સેવતા- સેવતા દવા લેવા જેવું છે, ફૂટેલાં વાસણમાં અમૃત રેડવા જેવું છે. ઝેરની ચાસણીમાં મીઠાઈ બોળી ખાવાની મૂર્ખતામાત્ર છે.

પણ આવી ભૂલો અને મૂર્ખાઈઓમાંથી ધીમી ગતિએ પ્રગતિ તો થતી જ હોય છે. ધીમે ધીમે માનવ પરમ-ચેતનાના સંપર્કમાં મુકાય છે. વ્યક્તિ આંતરિક ઊઘાડ અનુભવે છે અને પ્રભુ સાથે વાર્તાલાપ રચાય છે. શ્રી અરવિન્દ આને "Great Communion" કહે છે, 'મહાસંવાદ' કહે છે, કારણ આમાં પ્રભુ સાથે સંવાદ રચાય છે. આવા મહાસંવાદની ક્ષણોને કારણે જે પસાર થતો જીવનનો કાળ થોડોક ઉજળો ભાસે છે અને જીવન-કાળનાં દિવસો એ જાણે નિયત-માર્ગે આગળ વધતા વટેમાર્ગુ જેવા લાગે છે. સારાંશ, પ્રાણી જાણે કે ન જાણે તેના ચેતનાનો વિકાસ તો પ્રભુએ તેના માટે સેવેલા સંકલ્પના અનુસાર જ થતો હોય છે અને રાત્રીઓ તે આનંદ-કિલ્લોલ કરતી ચેતનાની સખીઓ બની જાય છે, કારણ રાત્રે ઊંઘમાં ચેતના પોતાની ચેતનાના વિકાસાનુસાર દેહમાંથી બહાર નીકળી વિવિધ લોકોના પ્રવાસે ઉપડી જતી હોય છે. વિવિધ રોચક અનુભવો મેળવતી હોય છે અને સાથેસાથે દેહભાવને નીચેથી ખોતરી-ખોતરીને પોતાને તેથી અલગ અનુભવવાનો અભ્યાસ પણ કરતી હોય છે.

A heavenly impetus quickened all his breast;
The trudge of time changed to a splendid march,
The divine Dwarf towered to unconquered worlds,
Earth grew too narrow for his victory.

તે પ્રાણીઓનાં હૃદયમાં દિવ્ય-ભાવોની દિવ્ય - પ્રેરણાઓ (impetus) હવે વારંવાર નિર્માણ થાય છે અને તેને કારણે થાકેલા, હારેલા, લથડિયાં ખાતા પ્રવાસીની ચાલ જેવી (trudge) ચાલતી ઉત્ક્રાંતિ હવે ઉત્સાહથી ડગ માંડતી ઉત્ક્રાંતિ બની ગઈ હતી અને અદ્ભુત - પરિણામો (splendid) લાવી રહી હતી. પેલો નબળો નાનકડો દિવ્ય ચૈત્યપુરુષ (Divine Dwarf) ધીમે ધીમે પોતાના અનિયંત્રિત પાર્થિવ, પ્રાણમય વગેરે કોષોને ધીમે ધીમે પોતાના આધિન કરવા લાગ્યો હતો અને પોતાની ક્ષમતાને વધારે ઉચ્ચ સ્તરે (towered) મૂકતો જતો હતો. બીજા અર્થમાં કહીએ તો આ કોષો હવે પાર્થિવ શરીર દ્વારા સારી રીતે પ્રગટ થવા લાગ્યાં હતાં. ફક્ત ભૌતિક - ચેતનામાં જીવવું ચૈત્યપુરુષને અસહ્ય (too narrow) લાગવા માંડ્યું હતું. તેના વિજયને હવે જાણે કોઈ મર્યાદાઓ નડતી નહોતી !

Once only registered the heavy tread
Of a blind Power on human littleness,
Life now became a sure approach to God,
Existence a divine experiment
And cosmos the soul's opportunity.

માનવી-ચેતનાના વિકાસમાં એક જ વખત આવી ઘટના નોંધાઈ છે, જ્યારે આંધળી નૈસર્ગિક-શક્તિઓ ખૂબ જ મોટા પ્રમાણમાં જીવનમાં સતત ઘૂસણખોરી કરીને પોતે કબજો જમાવી બેઠી હતી અને તે પણ માનવની નબળાઈઓ (human littleness) ઉપર. પણ હવે તો પરિસ્થિતિ તદ્દન બદલાઈ ગઈ હતી. હવે તો માનવને પોતાની આધ્યાત્મિક - પ્રગતિનો રસ્તો જડી ગયો છે. ઘણા માનવ-પ્રવાસીઓ તેની ઉપરથી પસાર થઈને મુકામે પહોંચી ગયાં છે અને તેથી તે માર્ગ હવે ખાતરીલાયક અને અનુભવસિદ્ધ પુરવાર થઈ ચૂક્યો છે, માનવ જાણે છે કે તેનું આ ધરતી ઉપરનું અસ્તિત્ત્વ હેતુપૂર્ણ છે, પ્રભુએ જાણે તેની ઉપર પ્રયોગ આદર્યો છે, માનવ દ્વારા પોતાને પ્રગટ કરવાનો, માનવનો અંચળો ઓઢીને પ્રગટ થવાનો. આ દિવ્ય પ્રયોગ પ્રભુ પોતે કરી રહ્યાં છે અને માનવને અતિમાનવ થવા આ સમગ્ર બ્રહ્માંડ (cosmos) જાણે એક તક પૂરી પાડે છે. આત્માને વિકસવાની પૂરેપૂરી શક્યતા પ્રગટ થઈ ચૂકી છે.

# સુંદર કથાઓ

- શ્રી માતાજી

સમજૂતી - માનસિંહ ચાવડા

## પ્રભુપ્રેમનું મહત્ત્વ

(પેજ - ૧૨૫-૧૨૬)

રંતિદેવ એક રાજા હતા. તેઓ પોતાનું ધન ગરીબોમાં વહેંચી સાધુ થઈ ગયા. જંગલમાં ઝૂંપડી બાંધી સાધુ જીવન ગાળવા લાગ્યા.

એક દિવસ તેમણે અડતાલીસ કલાક અર્થાત્ પૂરા બે દિવસ નકોરડા ઉપવાસ કર્યા. તેમણે ત્રીજે દિવસે પોતાને માટે ખીર કરી.

તેઓ જમવા બેઠા ત્યાં તેમના ઝૂંપડીના દ્વારે એક ગરીબ બ્રાહ્મણ આવ્યો. તેણે ભિક્ષા માગી. રંતિદેવે અરધી ખીર તેને આપી દીધી. ત્યાં એક ભૂખ્યો શૂદ્ર આવ્યો. તેમણે પોતાના ભાગનો પાછો અરધો ભાગ તેને આપી દીધો. ત્યાં એક ભૂખ્યું કૂતરું આવ્યું. રંતિદેવે પોતાનો બધો જ ભાગ તેને આપી દીધો.

પછી તેમણે ઝૂંપડીમાં રહેલ બાકી ભાત, ખાંડ લીધાં ત્યાં એક ભૂખ્યો અંત્યજ આવ્યો. તેમણે તે બધું તેને આપી દીધું. હવે તેમની પાસે કાંઈ નહોતું. તેમણે પાણી પી સમાધાન માન્યું.

ત્યાં ફરી ઝૂંપડીના દ્વારે ચાર જણા આવ્યા. તે ચારે દેવો હતા.

તેઓ બોલ્યાં, ‘‘રંતિદેવ તમે અમારી પરીક્ષામાં પાસ થયા. તમે બધાંમાં પ્રભુ જોયા. બધાં ઉપર પ્રેમ કર્યું. તમે ધન્ય છો.’’

‘‘તમે વરદાન માંગો.’’રંતદિવ બોલ્યા, ‘‘બસ, મને પ્રભુપ્રેમ આપો.’’

# ઉપનિષદોનું અમૃત

- માનસિંહ ચાવડા

## બ્રહ્મતત્ત્વને જાણવાની રીત

પ્રકરણ-૩૧

કેનોપનિષદ (૧૫-૧૮)

માનવ-મન જગત તરફ સદા નાના - બાળકની જેમ કુતૂહલથી જોતું હોય છે. તેના મનમાં કોઈ ન સમજાય એવી વસ્તુ બાબત જાણવાની જિજ્ઞાસા જાગે છે.

માનવને પોતાની શક્તિઓ મર્યાદિત લાગે છે. જગતમાં જીવતી વખતે તેને એમ લાગે છે કે તેની મર્યાદિત ક્ષમતાઓને કોઈ ગૂઢ શક્તિ ટકાવી રાખે છે, તેનાથી અજાણ રહીને તેને મદદરૂપ થાય છે, આધારરૂપ બની રહે છે. કેનોપનિષદ આવા તત્ત્વને જાણવાનો માનવી - મનનો પ્રયત્ન છે.

મનને વિચાર કરવાની પ્રેરણા કોણ આપે છે ? પ્રાણને ભાવનાઓ અનુભવવાની ક્ષમતા કોણ આપે છે ? વાણીને શબ્દો બોલવાની ક્ષમતા કોણ બક્ષે છે ? પંચેન્દ્રિયને પોતાના વિષયોનાં સંવેદનો ગ્રહણ કરવાની ક્ષમતા કોણ આપે છે ? આ બધી વસ્તુઓને પોતાની મર્યાદા છે. તો પછી આ ક્ષમતાઓ વિકસાવનાર તત્ત્વ કોઈ જુદું જ હોવું જોઈએ. જેતે તત્ત્વમાંના આ બધાં મર્યાદિત અને પરતંત્ર તત્ત્વો પેલા તત્ત્વ ઉપર આધાર રાખનારા માત્ર છે. ખરું મન, ખરો પ્રાણ, ખરી વાક્-શક્તિ, ખરી ઈન્દ્રિયો તો પેલું તત્ત્વ જ છે. તેમાં જ આ બધી ક્ષમતાઓ ગુપ્ત રીતે રહેલી છે એમ માનવું જોઈએ.

પ્રાચીન ઋષિઓ કહે છે કે તે તત્ત્વ બ્રહ્મતત્ત્વ છે. બ્રહ્મ એટલે સર્વવ્યાપી ચેતના. જેમ આંખ પોતાની પાછળ જોઈ શકતી નથી તેમ મન, પ્રાણ, વાક્ અને ઈન્દ્રિયો પોતાની પાછળ રહીને કાર્ય કરનાર આ તત્ત્વને જાણી શકતી નથી.

મન, પ્રાણ, વાક્ અને ઈન્દ્રિયો પોતાની પાછળ રહીને કાર્ય કરનાર આ તત્ત્વને જાણી શકતી નથી.

જો કોઈ મન, બુદ્ધિ, પ્રાણથી તેને સમજવાનો પ્રયત્ન કરે તો તે તેને તેનું સાચું અને સમગ્રજ્ઞાન મળતું નથી. તેથી તે જે સમજે છે તે ખરેખર બ્રહ્મતત્ત્વ હોતું નથી.

તો પછી બ્રહ્મતત્ત્વને સમજવું કેવી રીતે ? ઋષિ જણાવે છે કે આ પાર્શ્વભૂમિમાં રહેલ બ્રહ્મતત્ત્વ આ બધાં મન, પ્રાણ, વાક્, ઈન્દ્રિયોની પાછળ રહીને તટસ્થ રીતે જોતું હોય છે. તેમના કાર્યને અનુભવતું હોય છે. આ તેની ખાસિયતને આપણે તેને જાણવાની

પદ્ધતિ તરીકે વાપરતા શીખવું પડશે.

આપણે પણ સાક્ષીભાવે, દૃષ્ટાભાવે પોતાની ચેતનાને રાખી મન, પ્રાણ, વાક્ અને ઇન્દ્રિયોના કાર્યને જોવાનો અભ્યાસ કરશું તો ધીમે ધીમે આપણી ચેતના પોતાની મેળે પ્રથમ બ્રહ્મ ચેતનાના સંપર્કમાં આવવા માંડશે. તેની હાજરી અનુભવશે અને અંતે, તેની સાથે એકરૂપ થઈ જશે.

ઋષિ જણાવે છે કે બ્રહ્મતત્ત્વને જાણવાનો આ માર્ગ છે. તાદાત્મ્ય દ્વારા જ આપણે બ્રહ્મતત્ત્વને જાણી શકીએ છીએ. તેથી તે સર્વવ્યાપી, સર્વાન્તર્યામી, અસીમ, નિર્લેપ, નિરાકાર, નિષ્ક્રિય અને નિર્મળ પ્રકાશસ્વરૂપ તે બ્રહ્મને તેની સાથે એકરૂપ થવાનો અભ્યાસ કરીને જ જાણી શકાય છે.

આ એકરૂપ થવાની વિદ્યા ઉપનિષદોમાં અન્યત્ર પણ જોવા મળે છે, જેને આકાશને બ્રહ્મતત્ત્વ તરીકે ઉપાસવાની ઉપાસના કહે છે (ખં બ્રહ્મ ઈતિ ઉપાસીત) આકાશ જેમ નિર્મળ છે, નિર્લેપ છે, નિરાકાર છે, અસીમ છે, પ્રકાશમાન છે તે આકાશને જ બ્રહ્મતત્ત્વ સમજવું અને પોતે તેવા બ્રહ્મ સાથે એકરૂપ છે એવો ભાવ અનુભવવો.

આકાશ તરફ જોઈને તેનું જ માનસ પ્રતિબિંબ ચિત્તમાં જોવાનો અભ્યાસ કરવો. આ અભ્યાસથી ચિત્તમાં, બંધ આંખોએ પણ તમને આકાશ દેખાવા માંડશે. તેને ઉપનિષદો 'ચિદાકાશ' કહે છે. તે ચિદાકાશ પોતે જ છે એવો હવે એકરૂપતાનો ભાવ ધારણ કરીને અભ્યાસ આગળ વધારો. ધીમે ધીમે આ ભાવ વધારે ને વધારે ચાલતા બોલતા, ઊઠતા, બેસતા પણ અનુભવાશે. પોતે કર્મ કરતા જ નથી. કર્મ તો પ્રકૃતિ પોતે જ કરે છે, એવો સાક્ષીભાવ ઉદય પામશે. આ ભાવ જ્યારે સ્થાયી થાય છે ત્યારે તેને 'મહાભાવ' કહે છે. આવા ભાવમાં સતત રહેવાથી સ્વાનુભવથી બ્રહ્મતત્ત્વ કેવું છે તેની અનુભૂતિ સાધકને આવે છે.

---

(પૃષ્ઠ ૩૩ ઉપરથી) **વિદ્યાર્થીઓને માર્ગદર્શન**

૭ આળસુ અથવા થાકેલો હોવા છતાં કામ ચાલુ રાખવું સારું છે ? તે સામૂહિક કાર્ય હોય તો ચાલુ રાખવું યોગ્ય છે, કારણ તે શિસ્તનો પ્રકાર ગણાશે. પૃ.૭૨

૮ નિઃસ્વાર્થી કાર્ય કરવાથી આપણી નાનીમોટી શારીરિક તકલીફો પોતાની મેળે ચાલી જશે. પૃ.૭૨

૯ નાનીમોટી શારીરિક તકલીફોને ન ગણકારતા કામ કરવું સારું તેથી તમારું મન શારીરિક તકલીફમાં જ ચોંટ્યું નહિ રહે. પૃ.૭૨

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

સ્વરૂપની ભૂમિકાઓ - પ્રકરણ - ૨૫

## યોગચક્રો અને તેનાં કાર્યો

(ભા.૧, પૃ.૪૦૭-૪૧૧)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ **કેન્દ્રો અથવા ચક્રોની સંખ્યા સાત છે.**
(૧) **મસ્તકની ઉપર સહસ્રદલ** (૨) **ભ્રૂમધ્યમાં આજ્ઞાચક્ર** (સંકલ્પ) (૩) **કંઠનું વિશુદ્ધાખ્ય ચક્ર** (બહિર્મન) (૪) **હૃદયમાં** (અનાહતચક્ર) (ઊર્મિમય કેન્દ્ર) (૫) **નાભિમાં મણિપુર ચક્ર** (ઊર્ધ્વપ્રાણ) (૬) **નાભિ નીચે સ્વાધિષ્ઠાનચક્ર** (નિમ્નપ્રાણ) (૭) **ગુદામાં મૂલાધાર ચક્ર** (શારીરિક ચેતના) પૃ.૪૦૭

૨ **આ સર્વ વસ્તુઓ સૂક્ષ્મ શરીરમાં આવેલી છે. પૃ.૪૦૭**

૩ **આપણા યોગની પ્રક્રિયામાં એક ચક્રનો એક નિશ્ચિત માનસશાસ્ત્રીય ઉપયોગ હોય છે. પૃ.૪૦૮**

૪ **સાતમુ ચક્ર અને મગજ એક જ છે.... તે ભૂલ છે. પૃ.૪૦૯**

૫ **અમે જ્યારે..... એકાગ્રતા કરવાની વાત કરીએ છીએ ત્યારે ઊર્મિમય કેન્દ્ર વિશે કહીએ છીએ..... જે ચાર ભૂમિકાઓની વાત છે તે (૧) મસ્તકની ટોચ ઉપર (૨) ભ્રૂમધ્ય (૩) કંઠ (૪) હૃદય..... છે. પૃ.૪૦૯**

૬ **ચાર અનુભૂતિઓમાંની છેલ્લી અનુભૂતિ જેમાં આંતર-સ્વરૂપ છે, તેમાં સ્તરો એકબીજામાં ગોઠવાયેલાં છે. પૃ.૪૧૦**

૭ **મસ્તકની ટોચથી માંડીને કંઠ સુધી મનનો વિસ્તાર છે..... જેમાંના મુખ્ય ત્રણ (૧) મસ્તકની ટોચ = ઊર્ધ્વ ચેતના સાથે વ્યવહાર..... (૨) ભ્રૂમધ્યમાં સંકલ્પ, વિચાર, સૂક્ષ્મદૃષ્ટિ રહેલાં છે (૩) કંઠ = બર્હિગમન કરનારું મન.... પૃ.૪૧૦**

૮ **ખભાથી માંડીને નાભિ સુધી..... ઊર્ધ્વ પ્રાણનાં સ્તરો..... હૃદયનું કેન્દ્ર પ્રમુખ સ્થાન ભોગવે છે. પૃ.૪૧૧**

૯ **નાભિથી નીચે બાકી રહેલું પ્રાણસ્વરૂપ. પૃ.૪૧૧**

૧૦ **કરોડરજ્જૂના નીચે - શુદ્ધ શારીરિક ચેતના : પગની નીચે અચિત્ રહેલું છે. પૃ.૪૧૧**

૧૧ **શરીર આત્મા સાથે સંધાએલું છે. પૃ.૪૧૨**

પરંપરાનુસાર યોગ-ચક્રો અથવા યોગકેન્દ્રોની સંખ્યા સાત છે.

બધા મેરુદંડનાં શરીરનાં મધ્યભાગમાં આવેલ છે પણ તે સૂક્ષ્મ શરીરમાં છે. સ્થૂળ શરીરમાં તેમનો શારીરિક-ભાગ માત્ર છે અને સૂક્ષ્મ શરીર દ્વારા જ કાર્ય કરે છે. શારીરિક ભાગ એટલે આંતરશ્રાવી ગ્રંથીઓ.

દરેક યોગચક્રનું એક વિશેષ કાર્ય છે અને સાથે સાથે અન્ય સંબંધિત કાર્યો પણ કરે છે.

સહસ્રાર ઊર્ધ્વમનથી માંડી અધિમનસ સુધીની ચેતનાની ક્ષમતાઓ પ્રગટાવી શકે છે.

હૃદયમાં બે પાંખડીના પદ્મનો ઉલ્લેખ કદાચ એ દર્શાવે છે કે તેમાં આગળની ભાગમાં ઊર્મિ-કેન્દ્ર છે, જ્યારે પાછળની ભાગમાં ચૈતસિક-કેન્દ્ર છે.

પરંપરાગત રીતે દરેક યોગચક્રના પદ્મની નિશ્ચિત પાંખડીઓ છે અને નિશ્ચિત પ્રકાશ રંગ પણ છે. પાંખડીઓની સંખ્યા જુદી જુદી ક્ષમતાઓ દર્શાવે છે અને તે બધી ક્ષમતાઓ ખરેખર એક વિશેષ પ્રકાશરંગની જ ક્ષમતાઓ છે તેથી પદ્મનો રંગ પણ દર્શાવવામાં આવે છે, જે નીચે મુજબનાં છે :

| | **યોગચક્રોનું નામ** | **સ્થાન** | **આંદોલન ક્ષમતા (હર્ટ)** | **પ્રકાશરંગ** |
|---|---|---|---|---|
| ૧ | સહસ્રાર | મસ્તક ઉપર | ૧૦૦૦ | શ્વેત |
| ૨ | આજ્ઞાચક્ર | ભ્રૂમધ્ય | ૨ | આકાશી |
| ૩ | વિશુદ્ધ ચક્ર | કંઠ | ૧૬ | ઘાટોનીલ |
| ૪ | અનાહત | હૃદય | ૧૨ | લીલો |
| ૫ | મણિપુર | નાભિ | ૧૦ | કેસરીયો |
| ૬ | સ્વાધિષ્ઠાન | લિંગ | ૬ | લાલ |
| ૭ | મૂલાધાર | ગુદા | ૪ | જાંબલી |
| | | | ૫૦ | |

વેદોમાં ૪૯ વાયુ દર્શાવેલા છે. વાયુ એટલે પ્રકાશરંગની લહેર અથવા આંદોલન. આધુનિક વૈજ્ઞાનિક ભાષામાં કહેવું હોય તો Wave - Theory of Light. વેદો તેને ‘છંદ’ કહે છે. છંદ એટલે લય, Rythem. આવા ૪૯ છંદ + મૂળ પ્રકાશ મળીને કુલ ૫૦ થાય છે.

યોગચક્રોનાં કાર્યો નીચે મુજબનાં છે :

**ચક્ર** **કાર્ય**

૧ **સહસ્રાર** - આલોકિત મન, અધિમનસ, પ્રકાશ, શક્તિ, શાંતિની અનુભૂતિઓ.

૨ **આજ્ઞા**-ઊર્ધ્વમન, સંકલ્પશક્તિનું કાર્ય, ચિત્તનું માનસપ્રતિમા રચવાનું કાર્ય, સૂક્ષ્મદર્શન.

૩ **વિશુદ્ધિ** - મનની એકાગ્રતા અને શુદ્ધિ, સુંદર અભિવ્યક્તિ, વિચારો અને ભાવનાની સંસાર તરફ નિર્લેપતા અને સમતા.

૪ **અનાહત** - ભક્તિભાવ, ઊર્મિમય અવસ્થા, ઊર્ધ્વપ્રાણનાં કાર્યો, લોકસેવા કે નિષ્ઠાનાં ભાવો.

૫ **મણિપુર** - ભૌતિક જીવનની મહત્ત્વાકાંક્ષાઓ, પ્રાણમય મહત્ત્વાકાંક્ષાઓ (કીર્તિ, સત્તા)

૬ **સ્વાધિષ્ઠાન** - નિમ્નપ્રાણનાં કાર્યો, વાસનાઓ.

૭ **મૂલાધાર** - શારીરિક ચેતનાનાં કાર્યો.

(ચક્રોનાં મૂળભૂત પ્રકાશરંગો બાબત સ્પષ્ટ નિર્દેશો મળતા નથી. તેના નીચેનાં કારણો છે.)

૧ દરેક કેન્દ્ર શરીરના અમુક ભાગનું નિયંત્રણ કરે છે. તેમાંના કોષોને એક જ સમયે વિવિધ પ્રકારની મનોદશા હોવાથી તે પોતાની મનોદશા મુજબ પ્રકાશ રંગ ઉત્સર્જીત કરે છે.. આ બધાંનો સામૂહિક પરિણામ સ્વરૂપે જે તે ચક્ર પ્રકાશિત થાય છે. જે ક્ષણે જે પ્રકાશરંગનો અનુભવ યોગી કરે છે તેને તે તે યોગ-ચક્રનો પ્રકાશરંગ ગણે છે જે ખરેખર તત્કાલીન પ્રકાશરંગ હોય છે, ન કે કાયમી સ્થિતિ.

૨ એક જ અનુભવમાં એક જ યોગચક્ર સહભાગી થાય છે તેવું પણ નથી. એકથી વધારે યોગચક્રો સામૂહિક રીતે એક જ અનુભૂતિને પ્રકાશરંગ તરીકે પ્રગટ કરે છે, ત્યારે તેમાં એકબીજા ચક્રોનો એકબીજા ઉપર પરિણામ થએલો હોય છે. આ પણ તે યોગચક્રની સહજ સ્થિતિ અને સહજ પ્રકાશરંગ હોતો નથી.

૩ વાસ્તવિકતા એ છે કે જ્યારે સાધક પરમ- ચેતના સાથે સમાધિમાં એકરૂપ હોય ત્યારે દરેક યોગચક્ર તે અનુભૂતિને પોતાના પ્રકાશરંગ તરીકે પ્રગટ કરે છે. તે જ તે ચક્રની સામાન્ય અને સહજ સ્થિતિ ગણાવી જોઈએ.

(તે બાબતનાં અન્યત્ર જે પ્રકાશરંગોનો ઉલ્લેખ છે તે નીચે મુજબનો છે : (૧) સહસ્રાર - શ્વેતપ્રકાશ અથવા હિરક (૨) આજ્ઞા - આછો નીલ અથવા સૂવર્ણમય (૩) વિશુદ્ધ - ઘાટોનીલ (નીલકંઠ) (૪) અનાહત - જ્યોત જેવો પિળો અથવા ઉપરની

બાજુ લીલો અંદર ગુલાબી (૫) મણિપુર - સિંદુરીયો (૬) સ્વાધિષ્ઠાન - લાલ (૭) મૂલાધાર - જાંબલી (૮) અવચેતન - શ્યામ (૯) અચેતન - કૃષ્ણ (પગની પાની)

ત્રણ સૂર્યચક્રોનાં પ્રકાશ રંગ - હીરક (મસ્તકની ઉપર), સુવર્ણ (ભ્રૂમધ્ય) અને જ્યોત જેવો પીળો (હૃદય) દર્શાવેલો છે - લેખક)

મગજ અને સહસ્રદળ ચક્ર એકજ નથી. કારણ સહસ્ત્રદળને શૂન્ય ચક્ર પણ કહે છે જેમાં નીચે મનનો અનુભવ આવે છે, ત્યારે મગજ પોતાની બધી જ ક્રિયાઓ સમેટીને શાંત થઈ ગયેલ હોય છે. મગજ એ ખરેખર ભૌતિકસ્તરે બધાં જ યોગચક્રોનું નિયંત્રણ કક્ષ છે. વિશેષતઃ તે સહસ્રાર અને આજ્ઞાચક્રને જોડી બન્નેનું કાર્ય કરતો મુખ્ય શારીરિક-ભાગ છે. શૂન્યતામાં મસ્તકની ઉપર દસ આંગળ અંતરીક્ષમાં ચેતના સ્થિર થએલી અનુભવાય છે, તેથી ઘણા યોગીઓ મસ્તકની ઉપર સહસ્રાર ચક્ર છે એમ માને છે.

સાધના દરમિયાન હૃદયમાં એકાગ્ર થવાની વાત કરવામાં આવે છે ત્યારે હૃદયના ઉપરની બાજુના ભાવનાત્મક પ્રાણમય કેન્દ્ર નહિ તે ચિત્તનું વિકારી સ્તર છે, પણ તેથી ઊંડું ચિત્તનું જે અવિકારી એવું પ્રકાશમય સ્તર છે, જેને ઊર્મિ-કેન્દ્ર કહેવામાં આવે છે. તે સ્થાને હૃદયમાં એકાગ્ર થવાની એ વાત હોય છે. ભક્તિભાવને પોષક વિચારો અને ભાવનાઓ કરવાથી (સ્તુતિ, સ્તોત્ર, જપ કે ધ્યાન દ્વારા) સાધક આ ઊર્મિમય કેન્દ્રમાં પ્રવેશ કરે છે, પણ તે માટે સાધનાની અમુક ઉચ્ચ ભૂમિકા સ્થાયી થવાની જરૂરિયાત હોય છે.

આ ઊર્મિમય કેન્દ્રમાં પ્રવેશતા જ સાધક પોતાની સાધનાની કક્ષાનુસાર અને ચિત્તની વિશુદ્ધિ તેમ જ પ્રકૃતિની વિશેષતાનુસાર નીચે પૈકી કોઈ પણ એક કેન્દ્રમાં જઈને પોતાની ચેતનાને સ્થિર થતી અનુભવે છે.

૧ મસ્તની ટોચ ઉપર પ્રકાશમય મનનું કેન્દ્ર, જે પરમ-ચેતનાનો સ્પર્શ અનુભવે છે.

૨ ભ્રૂમધ્યમાં સૂક્ષ્મદૃષ્ટિ અને સંકલ્પનું કેન્દ્ર, જે ચેતનાને અન્ય સૂક્ષ્મ જગતોમાં સજાગ કરે છે.

૩ કંઠમાં સમતા, નિર્લેપતાનું કેન્દ્ર, જે ખરેખર બહિર્મુખ મનનું અહંકારનું વિલીનીકરણ કે વિશાળતા સ્વરૂપ હોય છે.

૪ ઊર્મિ કેન્દ્ર અને પ્રાણનું કેન્દ્ર જે ભક્તિભાવ પૂર્ણ હોય છે. પણ ત્યાં અહંકાર શાંત થએલો હોય છે, પણ નષ્ટ થએલો હોતો નથી.

આ ચારે સ્થિતિમાં સાધકને ગ્રહણશીલતા વધતી જાય છે. તે બ્રહ્માંડના અન્ય

ક્ષેત્રોનાં સંપર્કમાં આવે છે અને તેમનાં આંદોલનો સ્વીકારી તે મુજબ અનુભવે પણ છે.

આંતર ચેતનાની ગોઠવણ મુજબ જ યોગચક્રો હોય છે, કારણ યોગ-ચક્રો મારફત જ આંતર ચેતના બાહ્ય ચેતનાના સંપર્કમાં આવતી હોય છે અને તેનું શક્ય તેટલું સંચાલન કરતી હોય છે. આંતર - ચેતનાના સ્તરો જાણે પગથિયાંની જેમ એક પછી એક ગોઠવાએલ હોય છે. તેવાં સમગ્ર શરીરમાં વ્યાપ્ત ચેતનાનાં પાંચ સ્તરો અથવા ભૂમિકાઓ છે જે નીચે મુજબનાં છે :

(૧) **મસ્તકની ટોચથી ઉપરનો ભાગ** તે બાબત સાધક સાધના બાદ જ સભાન બને છે. તે સત્ - ચિત્ત - આનંદ ચેતનાનો પ્રદેશ છે.

(૨) **મસ્તકની ટોચથી કંઠ સુધીનું સ્તર** મનનો પ્રદેશ છે, જેમાં ત્રણ ઉપવિભાગ છે.

(અ) ઊર્ધ્વસ્તર (મસ્તકનું ટોચ) ઊર્ધ્વ-ચેતનાના સંપર્કમાં હોય છે.

(બ) મધ્યસ્તર (ભ્રૂમધ્ય) સંકલ્પશક્તિ દ્વારા સૂક્ષ્મ લોકોના સંપર્કમાં હોય છે. તે સૂક્ષ્મદૃષ્ટિ વિકસાવી સૂક્ષ્મ - લોક સાથે વ્યવહાર કરવા સક્ષમ કરે છે.

(ક) નીચલું સ્તર (કંઠ) જે પ્રથમ સ્તર (ઊર્ધ્વમન વગેરે) અને મધ્ય સ્તરમાંથી મળેલ ગૂઢજ્ઞાનનો ઉપયોગ દૈનંદિન જીવનમાં વાપરવા પ્રયોજે છે. આને જીવનમાં ફેરફાર કરનાર બહિર્ગમન કરનારું મન કહે છે. આ મન જ્ઞાનપૂત અને આલોકિત હોય છે. સામાન્ય માનવના બહિર્મન કરતાં આ તદ્દન જુદું હોય છે છતાં બન્નેનાં કાર્ય સમાન દેખાવાથી ગેરસમજ થવાની શક્યતા છે.

(૩) **ખભાથી માંડી નાભિ સુધીનો ભાગ** જે મુખ્યતઃ પ્રાણમય સ્તરનો ભાગ છે. તેમાં બે ઉપવિભાગો છે : (અ) **હૃદય-પ્રદેશનો ભાગ** ઉચ્ચપ્રાણનો છે જે ઊર્મિમય પ્રાણનો મુખ્યતઃ છે અને ચૈત્યપુરુષનાં ભાવોને વ્યક્ત કરનારું માધ્યમ છે. જે ભક્તિ, તૃપ્તિ, શાંતિ, સમતા, સમર્પણ જેવા સાત્ત્વિક દિવ્યભાવો વ્યક્ત કરે છે. (બ) **નાભિ - પ્રદેશનો ભાગ** નિમ્નપ્રાણનો છે જે રાજસિક કામનાઓ, તામસિક વિકારોને વ્યક્ત કરવાનું માધ્યમ છે.

(૪) **નાભિથી ગુદા સુધીનું ચોથું સ્તર** મુખ્યત્વે શારીરિક - ચેતનાનો પ્રદેશ છે.

(૫) **ગુદાથી નીચેનો પગનાં તળિયાં સુધીનું પાંચમું સ્તર** છે જે સ્થૂળ ભૌતિક-ચેતના, અવચેતન અને અચેતનનો (અચિત્)નો પ્રદેશ છે.

આ શરીરમાં વ્યાપ્ત વ્યક્તિગત ચેતનાનાં પાંચ સ્તરોનાં ક્ષેત્રમાં જ યોગચક્રો છે જે જે તે ચેતનાનું વૈશ્વિક-ચેતનાના જે તે સ્તર સાથેના વિનિમયનું સાધન છે તેમ જ ભૌતિક શરીરમાં અભિવ્યક્તિનું સાધન છે.

# વેદનું રહસ્ય

- શ્રી અરવિન્દ

## વેદોનાં લુપ્ત અર્થઘટનના પ્રયત્નો

(વેદનું રહસ્ય ભા. ૧ પૃ.૪૫-૫૮)

પ્રકરણ -૪

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ વેદ આપણા બૌદ્ધિક તત્ત્વચિંતનની પહેલાના જમાનાની રચના છે..... તે સમયના જ્ઞાનીઓ.... આંતર - અનુભૂતિ ઉપર એ આંતરદર્શનાનાં સૂચનોથી પૂર્ણ મન ઉપર આધાર રાખતા. પૃ.૪૫

૨ વેદની ખુદ ભાષા શ્રુતિ છે..... તે વિકસતી આત્મસાધના વડે પ્રાપ્ત કરી હતી. પૃ.૪૫

૩ ઋગ્વેદમાં માનવજાતિએ તેના સામૂહિક વિકાસમાં અમુક સમયગાળામાં, ખાસ સાધનો દ્વારા, પ્રાપ્ત કરેલી મહાન પ્રગતિનો દસ્તાવેજ છે..... (તેમાં) સુનિશ્ચિત પ્રતીકપૂર્ણ ભાષાશૈલી જોવા મળે છે..... તેમને માટે દીક્ષિતોની અખંડ પરંપરાને આપવાના જ્ઞાનની સનાતન ફોર્મ્યુલાનું એક પ્રકારનું દિવ્ય બીજગણિત બની ગયું હતું. પૃ.૪૬

૪ સૂક્ત પોતાની માટે તેમ જ બીજાઓને માટે આધ્યાત્મિક વિકાસનું સાધન હતું. પૃ.૪૭

૫ વેદમાં વિચારની એકધારી નિશ્ચિતતા..... કેટલાંક અનુમાનોને જન્માવે છે..... માનસશાસ્ત્રીય અનુભૂતિના પ્રારંભકાળમાં..... સામગ્રીની એકધારી નિશ્ચિતતા શક્ય નથી..... (પણ વેદોમાં છે)..... એટલે આપણી સંહિતામાં તે (વૈદિક) કાળનો અંત ભાગ પ્રતિબિંબિત થાય છે. (એમ અનુમાન નીકળી શકે)..... (એવું પણ બને કે) વેદ વ્યાસે આર્યોના ભૂતકાળનાં સમૃદ્ધ સૂક્ત - સમૂહોમાંથી અમુક સૂક્તોને આખરી ધર્મગ્રંથનું રૂપ આપ્યું હોય. પૃ.૪૭

૬ વેદાંત.... પહેલાં જ વેદના અર્થની અસ્પષ્ટતા અને અપ્રતિષ્ઠા શરૂ થઈ ગઈ હતી...... વેદાંતે તો તે પ્રાચીન જ્ઞાન રાશિમાંથી જેટલું બચાવી શકાય તેટલું બચાવવા..... પ્રયત્ન કર્યો. પૃ.૪૮

૭ વૈદિક વિધિના બાહ્ય ભૌતિક અંશોનું પડ મજબૂત રીતે અંદરના જ્ઞાનને આચ્છાદિત કરી રહ્યું હતું. પૃ.૪૮

૮ બ્રાહ્મણો અને ઉપનિષદોએ..... યજ્ઞકાંડને આરંભબિંદુ તરીકે સ્વીકારીને..... નવીન વાચના કરવા પ્રયત્ન કર્યો..... બંને ગ્રંથો..... નવીનીકરણના દસ્તાવેજો છે. આ પ્રવૃત્તિને બે પરસ્પર પોષક બાજુઓ હતી..... એક... (કર્મકાંડ દ્વારા સમાજમાં) સ્વરૂપો જાળવી રાખવાની..... બીજી, આત્માની આંતરદર્શનાની. પહેલી..... બ્રાહ્મણોમાં..... બીજી ઉપનિષદોમાં જોવા મળે છે. પૃ.૪૯

૯ બ્રાહ્મણો, સાધનો, વિધિમાં જરૂરી મંત્ર - ભાગોનો અર્થ,..... પ્રાચીન પુરાણકથાઓ, પરંપરાઓ..... જાળવી રાખવાનો પ્રયત્ન કરે છે (તેમાં) રચના કાળનાં ઐતિહાસિક..... સ્મૃતિઓ પણ હોઈ શકે. પૃ.૪૯

૧૦ ઉપનિષદોના ઋષિઓએ..... ખોવાતા જ્ઞાનને ફરી પ્રાપ્ત કરવા માટે ધ્યાન અને અનુભૂતિનો આશ્રય લીધો..... જૂનાં સત્યોને નવીન સ્વરૂપોમાં પ્રાપ્ત કર્યાં .... સુનિશ્ચિત અર્થનો નિર્ણય કરવામાં તે બ્રાહ્મણોની પેઠે સહાયક નીવડતાં નથી. તેમનું સાચું કામ વેદાંતની સ્થાપનાનું છે, વેદનો અર્થ કરવાનું નહિ. પૃ.૪૯-૫૦

૧૧ વેદમાંથી વેદાંતનો ઉદ્‌ગમ થયો. તેમાં બે બળવાન વલણો હતાં..... તેમણે બાહ્ય વિધિને અધ્યાત્મિક ધ્યેય અને આશયથી ગૌણ બનાવ્યાં (તેથી કર્મકાંડ અને જ્ઞાનકાંડની) જે સમતુલા (વેદકાળમાં) જાળવી હતી. તે..... તૂટી પડી. નવીન સમતુલા, એક નવીન સમન્વય આપ્યાં, જેને પરિણામે તપ અને ત્યાગનું માહાત્મ્ય વધ્યું. યજ્ઞ..... બિન અસરકારક બની ગયાં.... પરિણામે વેદ અને વેદાંત વચ્ચે સૈદ્ધાંતિક દૃષ્ટિએ..... તીવ્ર ભેદ આવ્યો..... બીજું વલણ.... પ્રતીકાત્મક ભાષા અને રૂપકના આવરણનો ત્યાગ કર્યો..... પૌરાણિક ધર્મોએ કેટલાક સૈકાઓ સુધી (આને) વિલંબમાં નાખ્યો..... પ્રાચીન વિધિઓની જગ્યાએ નવીન ધર્મપદ્ધતિઓનાં (પૌરાણિક) સ્વરૂપો આવ્યાં..... જેમ વેદ ઋષિઓનાં હાથમાંથી (યજ્ઞ કરનાર) પુરોહિતોના હાથમાં સરકી ગયો હતો તેમ ધર્મ પુરોહિતોના હાથમાંથી (રોજિંદી વિધિ કરાવવાનું પંડિતોના હાથમાં) જઈ પડ્યો. પૃ૫૧

૧૨ આપણને મહર્ષિ વ્યાસે જે રીતે સંહિતાની વ્યવસ્થા-ગોઠવણી કરી હતી તે

રૂપમાં જ (પદપાઠ અને સ્વરપાઠની ચુસ્ત પરંપરાને કારણે સૂક્તોનો ક્રમ અને સ્વરૂપમાં) આપણને તે પ્રાપ્ત થઈ શકી છે. પૃ.૫૨

૧૩ (હવે) વૈયાકરણોએ પ્રાચીન સંહિતાને બને ત્યાં સુધી નિયમો અનુસાર લખી. પૃ.૫૩

૧૪ વેદનો અર્થ યજ્ઞપરક છે તેવી માન્યતા સવાર થઈ બેઠી.... (સાચી) વિચારસરણીની ચાવીનો મૂળ અર્થ ક્યારનોએ ખોવાઈ ગયો હતો. પૃ.૫૩

૧૫ આંતરદર્શના કે આધ્યાત્મિક અનુભૂતિ..... પંડિત કે વિદ્વાનમાં ન હતી. પૃ.૫૪

૧૬ યાસ્ક (પોતાના ગ્રંથ નિઘંટુમાં) વૈદિક શબ્દોના ભિન્ન ભિન્ન અર્થો આપે છે ત્યારે તે ખૂબ પ્રમાણભૂત છે.

૧૭ શબ્દકોષકાર તરીકે યાસ્કનું જેટલું મૂલ્ય છે તેટલું શબ્દ વ્યુત્પત્તિકાર તરીકે નથી (કારણ તે શાસ્ત્રની) શરૂઆત આધુનિક સંશોધનનો પરિણામ છે. પૃ.૫૪

૧૮ યાસ્કના નિરુક્તથી..... વેદ પર જે જીવંત વિદ્વાનોની કૃતિનો કાળ શરૂ થયો. તેની છેલ્લી કૃતિ સાયણભાષ્ય છે.... તે સમયના ખૂબ મહાન વિદ્વાનોના સહકારથી રચાયેલું સાયણભાષ્ય મહાન પરિશ્રમ અને વિદ્વતાનું પરિણામ છે. પૃ.૫૪૦૫૫

૧૯ તેમના (સાયણના) મગજ ઉપર હમેશાં યજ્ઞવિધિની ફોર્મ્યુલાનું ભૂત સવાર થઈને બેઠેલું હતું. પૃ.૫૫

૨૦ (સાયણ ભાષ્યમાંની ઊણપો)

(૧) (શ્રુતિના પ્રાચીન આધ્યાત્મિક, માનસશાસ્ત્રીય અર્થોને) થોડુંક જ મહત્ત્વ આપે છે. પૃ.૫૬

(૨) (પુરાણોમાંના) દેવોની કથાઓ બાહ્યરૂપમાં વર્ણવાઈ છે તેને ગહનતર અર્થ..... આપવામાં આવ્યો નથી. પૃ.૫૬

(૩) ઈતિહાસની વાર્તાઓ, ઋષિઓની કથાઓ (વગેરેના ગૂઢાર્થ બાબત) બે અર્થોમાંથી કોઈ એકનો નિર્ણય લઈ શકતો નથી. પૃ.૫૭

(૪) (પરંપરા મુજબ) મિત્રનું તાદાત્મ્ય દિવસ સાથે, વરુણનું રાત્રિ સાથે, અર્યમા તથા ભગનું તાદાત્મ્ય સૂર્ય સાથે, ઋભુઓનું તાદાત્મ્ય

**સૂર્યકિરણો સાથે કરવામાં આવેલ છે. (સાયણ જેવા) ભારતીય વિદ્વાનોએ એટલી છૂટ લીધી નથી. પૃ.૫૭**

**૨૧ તેના (આ બધાંના) લાક્ષણિક અર્થસમૂહને (સાયણ) યજ્ઞવિધિપરક જ લે છે. પૃ.૫૭**

**૨૨ વેદના અર્થના ઓરડામાં દાખલ થવા માટે તે (યાસ્ક, સાયણ) જરૂરી પાટિયું છે..... જો કે આપણે અંદરના ગર્ભગૃહમાં પ્રવેશ કરવા માટે તેનો ત્યાગ કરવો જરૂરી બને છે. પૃ.૫૮**

## **સમજૂતી** - માનસિંહ ચાવડા

વેદો આ ઋષિઓની રચના છે, જેઓ આંતરદર્શન અને આંતરશ્રવણની ક્ષમતાથી જે સનાતન સત્યોની ઝાંખી થતી તેમને ભાષાના નબળા માધ્યમમાંથી વ્યક્ત કરવામાં મૂંઝવણ થતા પ્રતીકાત્મક ભાષા વાપરી પોતાનો અનુભવ જણાવતા. તેથી તેઓ પોતાને સત્યના મંત્રના દૃષ્ટા અથવા શ્રોતા જ કહેતા (મંત્રદૃષ્ટારાઃ શ્રોતારાઃ) અને પોતાની ભાષાને ગૂઢ ભાષા જણાવતા (નિન્યાણિ વચાંસિ) તેમને આ ખાસ ક્ષમતા આત્મ-સાધનાથી પ્રાપ્ત થયેલી હતી.

તે સાધનાથી તેઓ પોતાના આંતરિક અસ્તિત્વમાં પ્રવેશતા અને તેઓ જાણતા હતા કે તેમની ચેતના એક વૈશ્વિક - ચેતનાનો જ અવિભાજ્ય અંશ છે અને તેને પોતાને અનુભવાતા ચેતનાનાં વિવિધ સ્તરો વૈશ્વિકસ્તરે પણ ફેલાએલાં છે અને જે તે સ્તરે પોતાનું એક જગત રહ્યું છે. તે ચેતનાના સ્તરનું તેમનું પોતાનું જગત એ તો મૂળતઃ વૈશ્વિક તે સ્તરના જગતનો જ એક સંબંધિત ભાગ છે. આવા ચેતનાનાં તેઓ સાત સ્તરો માનતાં જેમને તેઓ ભૂ, ભુર્વઃ, સ્વ, મહ, જન, તપ અને સત્યલોકના નામે ઓળખતાં.

દરેક જગતની ચેતનાનું સ્તર વિશિષ્ટ પ્રકાશ રંગ ધારણ કરતું હોવાથી જે તે સ્તરને તેઓ પ્રકાશની ભૂમિકાઓ તરીકે પણ ગણાવતાં. આવા બધાં જ સ્તરોનો સાક્ષાત્કાર કરી તે જગતોના સત્યોને પ્રગટ કરવાં એ તેમનો મનગમતો સંશોધનનો વિષય રહેતો. ઋષિનો અર્થ જ સંશોધક એવો છે. (ઋષતે ઈતિ ઋષિઃ)

ઋગ્વેદમાં આ તેમની અનુભૂતિઓ સૂક્તો સ્વરૂપે જળવાઈ રહી છે તેથી ઋગ્વેદ

એ તે વિશિષ્ટ કાળમાં અને પ્રદેશમાં માનવે જે સામૂહિક ચેતનાનો વિકાસ કર્યો તેના દસ્તાવેજી પૂરાવા રૂપ છે. તેમાં -

૧ પ્રાથમિક દશાના ધર્મનાં - પ્રાકૃતિક શક્તિઓની ઉપાસનાના જ પુરાવા નથી પણ પ્રતીકાત્મક ભાષામાંનાં આધ્યાત્મિક ગૂઢ સત્યો પણ રહેલાં છે.

૨ તેની ભાષામાં કાવ્યમયતા નથી. તે બાબત ઋષિ તદ્દન નિસ્પૃહ છે પણ પોતાની અનુભૂતિને સ્પષ્ટ શબ્દોમાં યથાશક્તિ જણાવવાનો ગંભીર અને સત્યનિષ્ઠ પ્રયત્ન છે. શબ્દશક્તિ જ્યાં ઊણી પડે છે ત્યાં પ્રતીકાત્મક ભાષાનો સહારો લેવો અનિવાર્ય બની ગયો છે. તે પ્રતીકાત્મક ભાષા બીજો પણ હેતુ સારે છે. તે ગહન આધ્યાત્મિક સત્યો ફક્ત દીક્ષિતો સામે જ પ્રગટ થાય છે.

૩ ઋષિઓ માટે સૂક્તો પોતાના તથા અન્ય સાધકોની સાધનામાં ઉપયોગી એવું સાધન હતું.

વેદોમાં સર્વત્ર, વિવિધ ઋષિઓનાં વિવિધ સૂક્તોમાં એકધારી નિશ્ચિતતા, એક જ ખ્યાલ અને તેની એક જ પ્રકારની અભિવ્યક્તિ વધારે પ્રમાણમાં જોવા મળે છે. આના આધારે નીચેનાં અનુમાનો નીકળી શકે છે : (ક્રમશઃ)

## માતૃવાણી

(પૃ. ૮ ઉપરથી)

હૃદયમાં વિનાકારણ એક બેચેની અનુભવાય છે. (૬) તે સૂચના સમજીને તે વખતે જે તમે કરતાં હો તે બંધ કરીને પોતાની જાતનું દિલની સચ્ચાઈથી નિરીક્ષણ કરવા માંડો. તમને કોઈક કુવિચાર, અધમભાવ, વિકૃત સંકલ્પ જણાશે. તે તમારા આંતર-સ્વરૂપમાં એક નાનકડા કાળા ટપકાં જેવું દેખાય છે, જે સતત હાલચાલ કરતું હોય, કાર્યાન્વિત થવા જોર કરતું હોય; તેનો તત્કાળ ત્યાગ કરો. (૭) અહંકારની આવી નાની નાની ચાલો જ અસ્વસ્થા નિર્માણ કરે છે, તેથી અહંકારને પ્રભુને સમર્પિત રહેવાની કઠોર ટેવ પાડો. (૮) ધ્યાન રાખો, સાચા દિલનાં હશો તો જરૂર યશસ્વી થશો. કારણ પ્રભુ તમારી પડખે છે.

પ્રભુના સંકલ્પને, ભાગવત-સંકલ્પને ઓળખવાના, અનુસરવાના આ સર્વસામાન્ય અનુભૂત નિયમો છે. આપણા સ્વરૂપમાં ઐક્યતા સ્થાપવાનું આ પ્રથમ પગલું હોય છે. સદા ભાગવત સંકલ્પને ધારણ કરો. તેને જ અનુસરો.

આમ કરશો તો સમગ્ર જીવન રસમય અને સજીવન, આનંદમય બની જશે એની માતાજી ખાતરી આપે છે.

## આખ્યાન રહસ્ય
# મૃત્યુંજયી થવાની સાધના

પ્રકરણ - ૮

વાજશ્રવા ઋષિ મહા દાની. અન્નદાન અને ગૌદાનમાં બહુ માને. તેમની તેવી કીર્તિ ફેલાએલી હતી. પણ ઓછામાં ઓછા ખર્ચમાં મોટામાં મોટા દાની તરીકે તે પ્રસિદ્ધિ પામે તેવી ભૂખ તેને હતી. તેનો પુત્ર નચિકેતા. તેને પિતાશ્રીની લોભવૃત્તિ ગમતી નહિ. તેના પિતાને દાનનું સાચું શ્રેય મળે એવી તેની આંતિરક ઇચ્છા હતી.

મહાયજ્ઞની પૂર્ણાહુતિ થઈ રહી હતી. વાજશ્રવાએ હજાર ગાયોનું દાન કર્યું, પણ લગભગ વસૂકી ગએલી, માંદલી, ઘરડી. નચિકેતાને લાગ્યું આથી પિતાશ્રીને ધર્મલાભ થવો શક્ય નથી, તેથી તેમને ધર્મલાભ અપાવવા કહ્યું.

''પિતાશ્રી, પુત્ર પણ ગોધનની જેમ ધન જ છે. આપ મને પણ દાનમાં આપો. આપને સાચો ધર્મલાભ થશે.''

વાજશ્રવા હસતા હસતા બોલ્યા, ''બેટા દરેક માનવનું તો મૃત્યુને જ દાન આપવું પડે છે અને તેમાં તું પણ બાકાત નથી.''

નચિકેતાએ તેને અક્ષરશઃ પાળી અને પહોંચી ગયો યમરાજાના દ્વારે. ત્રીજે દિવસે યમરાજા ઘેરે આવ્યા. ત્રણ દિવસ તેમના અતિથિને ભૂખ્યો-તરસ્યો ટળવળાવ્યો એનો તેને ખેદ થયો. તેણે નચિકેતાને ત્રણ વરદાન માંગવા કહ્યું. વૈતરણી નદી કાંઠે આ સંવાદ થયો.

નચિકેતાએ પ્રથમ વરદાનથી પિતાશ્રીની પ્રસન્નતા માગી લીધી. બીજાથી આત્મજ્ઞાન અને ત્રીજાથી મૃત્યુનું રહસ્ય. તેને સુખ - વૈભવની વાંછના નહોતી.

બીજા વરદાનમાં યમરાજાએ સમજાવ્યું કે આત્મતત્ત્વ તો અવિચળ સનાતન છે. સુખદુઃખથી પર છે. જરા, મૃત્યુ વ્યાધિથી પર છે. તેને પ્રાપ્ત કરવો એ જ જીવનનું ધ્યેય છે. તે ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મૃત્યુ અટળ છે. તે આત્મતત્ત્વને જાણવા અનુભવવા તેમણે નચિકેતાને ત્રિણાચિકેત - અગ્નિનું રહસ્ય સમજાવ્યું.

આત્મજ્ઞાની થઈ નચિકેતા પાછો ફર્યો.

આ આખ્યાનનું રહસ્ય નીચે મુજબ છે : દાન, ધર્મ, યજ્ઞોને બાહ્ય કર્મકાંડ તરીકે કરવાથી આત્મજ્ઞાન મળવું શક્ય નથી. નચિકેતા આ જ વાત પિતાશ્રીને સમજાવવા

માગતો હતો.

પોતાના નાશવંત જીવનનો કોયડો ઉકેલાય તો જ મૃત્યુનું રહસ્ય સમજી શકાય છે અને આત્મતત્ત્વને અનુભવી શકાય છે. સુખવૈભવમાં રાચતા લોકોને આ માર્ગ જડવો મુશ્કેલ છે.

આત્મતત્ત્વ જ આપણા ત્રણ શરીરમાં વ્યક્તિ ચેતના તરીકે રહેલો છે. તે પ્રકાશમય હોવાથી તેને 'અગ્નિ' કહે છે. તે પોતે પ્રકૃતિના વિકારોરૂપી ધુમાડાથી મુક્ત હોય છે તેથી તે સ્થિર, શાંત જલતો હોય છે. તેને જ સંસ્કૃતમાં નચિકેતા અગ્નિ કહે છે. ન એટલે નહિ અને ચિકેત એટલે કંપન પામવું. નિષ્ક્રિય સ્થિર આત્મપ્રભા જ નચિકેત અગ્નિ છે. ભૌતિક શરીરમાં તે વૈશ્વાનર કહેવાય છે. નર એટલે પુરષ અર્થાત્ વ્યક્તિગત સ્વરૂપ. આપણાં ત્રણ શરીર એ જ આપણું વિશ્વ છે. તેથી વૈશ્વાનર એટલે ત્રણ શરીરનો ઉપયોગ કરનાર. સૂક્ષ્મ-શરીરનો ઉપયોગ કરનાર આત્મતત્ત્વને 'તેજસ' કહે છે, કારણ તે તેજોમય છે. કારણ-શરીરનો ઉપયોગ કરનાર આત્માને 'પ્રાજ્ઞ' કહે છે, કારણ તે પ્રજ્ઞાવંત છે, સર્વજ્ઞ છે.

આ ત્રણે અગ્નિને વિકસાવી સંવાદમાં ગોઠવવાથી ચોથી અવસ્થામાં રહેનાર આત્મતત્ત્વ પ્રગટ થાય છે. ચોથી અવસ્થાને 'તુરીય' કહે છે. તેનો અર્થ ત્રણે અવસ્થાની પેલેપારની અવસ્થા.

પ્રકાશમય જ્યોત સ્વરૂપે આત્મતત્ત્વનું ધ્યાન કરવાથી આ ત્રણે અગ્નિ વિકાસ પામી જોડાઈ જાય છે.

આ જ દેવયાન પંથનું રહસ્ય છે. દેવ એટલે પ્રકાશમય, પંથ એટલે માર્ગ.

---

(પૃષ્ઠ ૩૨ ઉપરથી)

## યોગ પર દીપ્તિઓ

આવતું. શુદ્ધાત્માનો સાક્ષાત્કાર સર્વ કંઈ તરીકે પ્રસ્થાપિત કરવામાં આવતો. અંતિમ ચરણ તરીકે સ્વીકારવામાં આવતું. આ સાક્ષાત્કારમાં પ્રકૃતિનો જરૂરી ફેરફાર જ માન્ય કરવામાં આવતો. પ્રકૃતિની પણ સમગ્ર રૂપાંતરની કલ્પના પણ કરવામાં ન આવતી. કોઈ વળી આ પથ પર આગળ વધે તો તે રૂપાંતર એકાકી અને એકલ - દોકલ હતું. સમગ્ર માનવજાત માટે હજી સુધીનો વિચાર અને કલ્પના હતાં નહિ. દિવ્ય પ્રકૃતિનો સ્વાભાવિક આવિર્ભાવની ઘટના હતી નહિ. સાક્ષાત્કારની સીમાઓ પહેલેથી તય કરેલી હતી અને તે મુજબનું અર્ધ-દેવ, અર્ધ-માનવ જીવન માન્ય હતું. અપરા પ્રકૃતિના દોષોનું નિવારણ અને તે દ્વારા અપરા પ્રકૃતિનું પણ રૂપાંતર અશક્ય ભાસતું અથવા તો તેની કલ્પના પણ ન હતી. માનવ-વિકાસની ઉત્ક્રાંતિ અટવાઈ પડેલી લાગતી. ઉત્ક્રાંતિના નવા તબક્કાનું પરોઢ હજી પડેલું ન હતું. આ ઉત્ક્રાંતિ શું છે ?

# યોગ પર દીપ્તિઓ

-શ્રી અરવિન્દ

## લક્ષ્ય

અવતરણો

(ભાગ-૧, પ્રકરણ ૧ પર આધારિત)

પ્રકરણ - ૫

**પૂર્ણયોગમાં સાક્ષાત્કાર અને મુશ્કેલીઓ**

**સમજૂતી – કમલેશ માંડવિયા**

૧ આ યોગમાં પ્રભુનો સાક્ષાત્કાર થાય તે પૂરતું નથી... પૃ.૫

૨ અંતરના અને બહારના સમગ્ર જીવનમાંનું..... નિઃશેષ સમર્પણ કરી દેવું... પૃ. ૬

૩ બન્ને પ્રકારના જીવનનું એટલે સુધી રૂપાંતર સાધવું કે આખરે પ્રભુની દિવ્ય ચેતનાને પ્રગટ કરવાને તે લાયક થાય, તથા પ્રભુના દિવ્ય કાર્યનો જ તે એક ભાગ બની રહે. પૃ. ૬

૪ આ કાર્ય સાધવા માટે..... નીતિની કે દેહદમનની તપસ્યાની જરૂરી હોય છે તેના કરતાં તો ક્યાંયે વધારે કડક અને દુઃસાધ્ય હોય છે.

૫ આ સાધના માર્ગમાં તો જેમને પોતાના અંતરાત્મામાં એને માટે સાદ થયાની પ્રતીતિ હોય, જેઓ એની બધી મુશ્કેલીઓ સામે થઈને છેવટ સુધી ટકી રહીને કસોટીઓમાંથી પસાર થવાને તૈયાર હોય તેમણે જ પ્રવેશ કરવો જોઈએ.

૬ પહેલાંના યોગમાર્ગોમાં.... શુદ્ધ આત્મતત્ત્વનો સાક્ષાત્કાર પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ રાખવામાં આવતો..... એ સાક્ષાત્કાર પ્રાપ્ત કરવામાં અંતરાય રૂપ ન થાય એટલા પૂરતો જ એ યોગમાર્ગોમાં પ્રકૃતિમાં ફેરફાર કરવો આવશ્યક ગણાતો.પૃ. ૬

૭ સ્થૂલ દેહ સુધીનું પ્રકૃતિનું રૂપાંતર સાધવાનો ઉદ્દેશ તો ઘણા જ ઓછાઓએ સેવેલો છે અને તે પણ મોટે ભાગે એક ‘‘સિદ્ધિ’ તરીકે જ ..... પૃ. ૬

પોતાના પૂર્ણયોગની આછેરી ઝલક આપ્યા બાદ શ્રી અરવિન્દ અહીં આપણને પ્રથમ સાક્ષાત્કાર અને તેની પણ પેલે પાર જોવાનું કહે છે. પ્રભુનો સાક્ષાત્કાર જરૂરી છે પણ તે જ એકમેવ લક્ષ્ય નથી. સાક્ષાત્કાર ઘણાં બધાં પ્રકારનો અને ઘણાં બધાં સ્તરોનો હોઈ શકે છે.

સાધકની ચેતના મનોમય સ્તરે કે પ્રાણમય સ્તરે કે શારીરિક સ્તરે પ્રભુનો સાક્ષાત્કાર કરી શકે છે. સાક્ષાત્કારની સમગ્રતા અને પૂર્ણતા જ પૂર્ણયોગનું એક અભિન્ન અંગ છે. મનને નીરવ કરવું, પ્રાણને પ્રશાંત કરવો અથવા તો વ્યક્તિગત શારીરિક ચેતના અને તેમાંથી ચેતનાને બહાર ખેંચીને નીચેની પ્રકૃતિ - અપરા પ્રકૃતિને તેની ઘરેડ મુજબ ચાલવા દેવું તે પણ એક સાક્ષાત્કારનો જ પ્રકાર છે. શ્રી અરવિન્દ સાક્ષાત્કારને અલગ રીતે આપણી સામે મૂકે છે. સાક્ષાત્કારના સમગ્ર પરિમાણોને, - dimensionsને આવરી લે છે.

પ્રભુને આપણા એક ખૂણામાં શોધી કાઢવો અને તે દ્વારા સંતોષ માનવો એ આ યોગનું લક્ષ્ય નથી. પ્રભુનો સાક્ષાત્કાર તેની સમગ્રતાને આવરીને કરવો અને સાક્ષાત્કાર દ્વારા અંદર અને બાહ્ય બન્ને સ્વરૂપો અને ઘટનાઓને જોડી પ્રભુને પૃથ્વી પર લઈ આવવા તેના પર શ્રી અરવિન્દ વધારે ભાર મૂકે છે. સાધક ફક્ત આંતરિક રીતે જ નહીં પરંતુ બાહ્ય સંજોગો અને પરિસ્થિતિઓમાં પણ પરમ-પ્રભુનાં પગલાં સાંભળે છે. સાક્ષાત્કારના વ્યાપને જાણે સીમાડારહિત બનાવવામાં આવે છે ! પરિસ્થિતિઓમાં આંતરિક તેમ જ બાહ્ય બન્ને જગ્યાએ નાની વસ્તુ કે ક્રિયાને પડતી મૂકવામાં નથી આવતી અથવા તો ''પછી કરીશું'' કે ''બિનમહત્ત્વ''ની છે, તેવું વલણ લેવામાં નથી આવતું. સર્વ કોઈમાં પરમ પ્રભુની મહોર મારવામાં આવે છે અને તે દ્વારા પરમપ્રભુને આંતરબાહ્ય બન્ને સ્થિતિઓ અને સ્તરો સમર્પણ કરવામાં આવે છે. જીવનનાં સઘળાં પાસાંઓને રૂપાંતરના દિવ્ય કાર્યનાં વ્યાપમાં લઈ આવવામાં આવે છે અને સમગ્ર જીવન જાણે પરમપ્રભુને પ્રગટ કરવા માટે સક્ષમ બને છે.

આ સમગ્ર પ્રક્રિયા દેહદમન, કડક નિયમન કે ઉગ્ર તપસ્યા દ્વારા સિદ્ધ નથી થઈ શકતી, કારણ કે આ પ્રકારની મને - પ્રાણે માનેલી તપસ્યા દ્વારા સમગ્ર રૂપાંતર શક્ય નથી. રૂપાંતરના કાર્યમાં આથી અનેક ગણી વધારી જટિલ અને કઠણ અને મુશ્કેલીભરી સાધના હોય છે. આ સાધનામાં ફક્ત મન કે પ્રાણના આવેશથી પ્રવેશ મળતો નથી. અંતરના ચૈત્યપુરુષના સાદને કારણે આ પ્રકારની સાધનાના પાયાના મંડાણ થાય છે.

અંતરના સાદની ઝાંખી અને તે દ્વારા પ્રજ્જવલિત આંતરિક અભીપ્સાથી આ સાધનાને વેગ મળે છે. પૂર્ણયોગની સાધનામાં અમાપ મુશ્કેલીઓ છે તે બાબતે શ્રી અરવિન્દ સ્પષ્ટ જણાવે છે અને જેમને અંતરનો કૉલ હોય - બંસરીનો નાદ સંભળાયો હોય - તે આ સાધનાના માર્ગ પર દાખલ થઈ શકે છે.

પહેલાંના યોગમાર્ગોમાં સાક્ષાત્કારના માર્ગમાં શુદ્ધતાને વધારે મહત્ત્વ આપવામાં

(પૃષ્ઠ ૩૦ ઉપર)

# વિદ્યાર્થીઓને માર્ગદર્શન

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

## કામ કરવાનું મહત્ત્વ શું છે ?

પ્રકરણ - ૮

(Light for students - P. 69-72)

૧ કામ કરવામાં જ તપ છે. તેમાં પોતાની પસંદગી, ના-પસંદગી, ગમા-અણગમાથી ઉપર જઈને આપણા ભાગમાં આવેલું કાર્ય પૂરા રસપૂર્વક કરવું જોઈએ, કારણ જેને સ્વયંપૂર્ણતા પ્રાપ્ત કરી લેવી છે તેના માટે કામ નાનું મોટું, મહત્ત્વ - બિનમહત્ત્વનું એવો ભેદભાવ રહેતો નથી. સ્વયંપૂર્ણ બનવા માંગતા વ્યક્તિને બધાં કામ પોતાના વિકાસ માટેનાં જ બની જાય છે. પૃ.૬૯

૨ ખરેખર તો કામના સ્વરૂપ કરતાં તે કરવાની પદ્ધતિ ઉપર જ આપણી ચેતનાના વિકાસનો આધાર રહે છે. પૃ.૬૯

૩ કામ પ્રસિદ્ધિ મેળવવા, પોતાનો અહંકાર સંતોષવા કે ફક્ત કોઈ ફાયદો મેળવવા કરવાથી તે કામ ચેતનાનો વિકાસ કરાવતું નથી. કામની વિકાસ કરાવવાની ક્ષમતા આપણા કામ પ્રત્યેના આંતરિક વલણમાં રહેલી છે. પૃ.૭૦

૪ પ્રભુની ઈચ્છાથી આપણે કાર્ય કરી રહ્યાં છીએ એ ઓળખવું કેવી રીતે ? બસ..... શાંતિ ધારણ કરો..... હ્રદયમાં ઊઠતા પેલા સૂક્ષ્મ ભાવને અનુભવો. પ્રભુની ઈચ્છા મુજબ કામ કરશો તો ત્યાં ઉઘાડ અને સાચો સંતોષ અનુભવશો. તેની વિરુદ્ધ કાર્ય કરશો તો અસ્વસ્થતા જણાશે. કોઈ બાહ્ય કારણ આપીને તે જ કાર્ય ચાલુ રાખશો તો તે સમજણ, તે ભાવ ધીમે ધીમે ચાલ્યો જશે. તેથી હ્રદયમાં કામ કરતી વખતે જણાતી થોડી પણ અસ્વસ્થતા જણાય તો પોતાના કામ પાછળના છૂપા હેતુઓ તપાસશો. ત્યાં તમને એક આંટી દેખાશે. પૃ.૭૦

૫ કામમાં તન્મય થઈ જવું એ અહંકારથી મુક્ત થવાની પ્રક્રિયા છે. પોતે કામ કરે છે એ સભાનતાનો અર્થ છે - તમે હજી અહંકારમાં પોતાના નાનકડા સ્વરૂપમાં જ જીવો છો. પૃ.૭૧

(પૃષ્ઠ ૧૮ ઉપર)

# સાંજના વાર્તાલાપો
- શ્રી અંબુભાઈ પુરાણી

## ગુરુ અને ભગવાનની મદદ અને તેની શરતો

પ્રકરણ - ૧૧
(ખંડ-૨, પૃ.૫૭-૬૦) (તા.૨-૩-૨૬)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**શ્રી અરવિન્દ :** આજે વાતચીત કરવાનો મૂડ નથી. (થોડીવાર શાંતિ) પણ પૂછવું હોય તો પૂછો.

**શિષ્ય :** સાધનામાં સાધકનો ભાગ કેટલો ? ભગવાન અને ગુરુ ઉપર કેટલો આધાર રાખવો ?

**શ્રી અરવિન્દ :** (હસતાં હસતાં) ગણિતશાસ્ત્રીય જવાબ ટકાવારીમાં માંગો છો ?

**શિષ્ય :** મેં ગણતરી કરી લીધી છે.

**શ્રી અરવિન્દ :** શું પરિણામ આવ્યું ? કોઈ ફોર્મ્યુલા જડી ?

**શિષ્ય :** અનેક (પણ ખાતરી નથી)

**શ્રી અરવિન્દ :** આ યોગમાં બધું જ સાધક કરી શકતો નથી. કરવાનો પ્રયત્ન કરશો તો વધુ ગૂંચવાઈ જશો. ફક્ત ઉચ્ચતર ગતિને સંમતિ આપો, નિમ્નતરનો ઇન્કાર. તો જ કાંઈક રચાશે. જ્યારે ઉચ્ચતર શક્તિ અવતરણ પામતી જુઓ ત્યારે શાંતિથી સ્વીકારો. ખોટી કલ્પનાઓ ન કરો. ફક્ત અનુભવો. તે અવતરણનાં પરિણામોને પછી સ્થાઈ કરવાનો પ્રયત્ન કરવો. ભગવાન કાંઈ કરી દેતા નથી.

હવે ગુરુ બાબત. લોકો સમજે છે તેવો ગુરુ આપણા યોગમાં નથી. અવતરણ પામતી ઉચ્ચ શક્તિ જ ગુરુ છે. તે જ કરણ તૈયાર કરે છે અને તૈયારી અનુસાર સત્ય પ્રગટ થાય છે.

જે લોકો અવતરણને પ્રગટ કરવા માંગે છે પણ પોતાના તુક્કાનુસાર માર્ગે જવા માંગતા નથી, સત્યને જ પ્રાપ્ત કરવા માંગે છે, તેને પ્રત્યક્ષ જીવવા માગે છે, તેઓમાં જ અવતરણ સહેલું બને છે. તેઓ સફળ થાય છે. કરણ આ શરીર છે. તેને જોઈએ તો ડાયનામો કહો, પણ સાધના તો પોતે જ કરવાની હોય છે. આ યોગમાં જે બનતું હોય છે તે બાબત તદ્દન સભાન રહેવું પડે છે. તે જ સાધકનો પ્રયત્ન બની જાય છે. ઉચ્ચતર શક્તિને અનુમતિ આપવી, નિમ્ન ગતિઓનો ઇન્કાર એ પણ તેનો પ્રયત્ન જ છે. આ

કરશો તો તે જ શરતો ગુરુની અને ભગવાનની મદદ મેળવવા પણ છે.

**શિષ્ય :** અમને તમારી મદદ મળે છે તે સીધે સીધી કે આડકતરી રીતે ?

**શ્રી અરવિન્દ :** બન્ને રીતે. જો તમે મારી પાસેથી મદદ માંગો તો મારામાંનું કાંઈક તમારામાં પ્રવેશે છે. તે અવતરણ માટે અનુકૂળતા સાધી આપે છે અથવા જોડાણ બની જાય છે. ખરેખર મદદની સીધેસીધી કે આડકતરી રીત તદ્દન ભિન્ન નથી, પૂરક છે.

**શિષ્ય :** તિરુપતિ બાબતમાં શું બન્યું ?

**શ્રી અરવિન્દ :** તેમાં આનંદ અને શક્તિનું અવતરણ થએલું. પણ તેનું શરીર નબળું હતું. વળી તે પોતે મહાન યોગી બનવા માંગતો હતો. તે માટે તેણે ત્રણ દિવસ નકોડા અપવાસ કર્યા. આ પ્રાણિક વસ્તુઓ હતી. તેને ભ્રમ થયો કે અતિમનસનું તેમાં અરધું અવતરણ થઈ ગયું છે અને તે તેને શરીરમાં દાખલ કરવા દબાણ લાવી રહ્યો છે.

**શિષ્ય :** તેમાં દિલની સચ્ચાઈ શું ઓછી હતી ?

**શ્રી અરવિન્દ :** હા, મહત્ત્વાકાંક્ષા પણ સાથે હતી.

**શિષ્ય :** તેની અનુમતિ વગર તમે તેમાં પરિવર્તન ન કરી શકો ? અથવા તેના પરના હુમલા વખતે બચાવી ન શકો ?

**શ્રી અરવિન્દ :** સંમતિ વગર મારાથી જ નહીં પ્રભુથી પણ પરિવર્તન શક્ય નથી. સુધરવાની સંમતિ વગર આપેલું સંરક્ષણ પણ પ્રાસંગિક જ બની રહે છે. તે પોતે જ આપદાઓ નોતરે છે. તેને મેં ચેતવેલો - તે જેને અતિમનસ કહેતો તે ખરેખર પ્રાણમયશક્તિ હતી. પણ તેણે માન્યું નહીં.

**શિષ્ય :** તેને દિલની સચ્ચાઈનો આગ્રહ રાખવાની આપે વાત ન કરી ?

**શ્રી અરવિન્દ :** પણ તેને સાંભળવું જ નહોતું, પછી શું ? ગુરુની શક્તિ કામ કરે માટે પણ પ્રગટ કે અપ્રગટ સંમતિ તો જરૂરી જ હોય છે. કેન્દ્રિય અનુમતિ તો ખાસ.

**શિષ્ય :** સમજો એ કેન્દ્રિય અનુમતિ હોય તો ?

**શ્રી અરવિન્દ :** આપ તેનો અર્થ શું લો છો ?

**શિષ્ય :** ચૈતસિક અનુમતિ.

**શ્રી અરવિન્દ :** જુઓ, ચૈત્યપુરુષ મન, પ્રાણ શરીરનાં તત્ત્વોની પાછળ હોય છે. જ્યારે કેન્દ્રિય તત્ત્વ આપણી સમગ્ર પ્રકૃતિના ઊર્ધ્વમાં અધ્યક્ષસ્થાને - તે જીવાત્મા તત્ત્વ છે. તે દૂર રહીને સંમતિ આપે છે. ઉત્ક્રાંતિમાં સામેલ થતો નથી. પણ તે જ ચૈત્યપુરુષને પ્રેરણા આપી નિયતિ નિશ્ચિત કરે છે. તેની પ્રેરણાને અનુસરવું એ કેન્દ્રસ્થ સચ્ચાઈ કહેવાય. આવી સચ્ચાઈ હોય તો પ્રાસંગિક ખોટામાર્ગે જવા છતાં પાછા સાચા માર્ગે વળી જઈએ છીએ. કારણ જીવાત્મામાં આપણા માટે સેવેલો પ્રભુનો સંકલ્પ કાર્યરત હોય છે.

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

પ્રકરણ - ૨
(પૃ.૭૭-૭૯)

## નીરવબ્રહ્મનો સાક્ષાત્કાર

### અવતરણો

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 What I did was four or five hours a day pranayama. P.77
2 The flow of poetry came down while I was doing pranayama. P.77
3 The flow of experiences that did come somes years, but after I had stopped the pranayama for a long time. P.77
4 The grace eithter of a temporary Guru or by the grace of the eternal Brahman..... after wards grace of Mahakali and Krishna. P.77
5 Four years of pranayama..... increased health and outflow of energy..... a great outflow of poetic creation..... power of subtle sight. P.78
6 He (temporary Guru) was made by a Voice within him to hand me over to the Divine within me enjoining an absolute surrender to its will. P.79
7 Divine knows better than we can know. P.79
8 Both true reason and Bhakti seem to me to be at one in demanding implicit faith and surrender. P.79

શ્રી અરવિન્દ લખે છે કે તેમણે રોજ ચાર-પાંચ કલાક ધ્યાન કરવાથી તેમનામાં શક્તિનું અવતરણ થયું એ સાચું નથી. ધ્યાન કેમ કરવું એ જ તેઓ જાણતા નહોતા. પણ તેમના બરોડાના એક મિત્રે પ્રાણાયામ કરવાની સલાહ આપેલી. તેથી તેઓ ચાર-પાંચ કલાક રોજ પ્રાણાયામ કરવા લાગેલાં. પણ તેથી તેમને આધ્યાત્મિક અનુભવો તો આવ્યા જ નહોતા. પ્રાણાયામથી તેમને નીચેની વસ્તુઓ જરૂર પ્રાપ્ત થઈ હતી : (૧) તેમનું આરોગ્ય વધેલું (૨) તેમના શરીરમાંથી શક્તિનો પ્રવાહ બહાર વહે છે એવો તેમને અનુભવ આવેલો (૩) તેમનામાં કાવ્ય સર્જનની ક્ષમતા વિકાસ પામેલી (૪) તેમને સૂક્ષ્મ દર્શનો થવા લાગેલાં, જેમાં ઘણી પ્રકાશમય આકૃતિઓ દેખાતી.

પણ તેમને કોઈ આધ્યાત્મિક અનુભવ તો આવ્યો જ નહોતો. તેવા અનુભવો તો પ્રાણાયામ બંધ કરીને વર્ષો વીતી ગયાં પછી જ આવેલાં અને તેના નિમિત્ત બનેલાં લેલે !

બારીને સુરત કૉંગ્રેસ બાદ તેમની ઓળખાણ લેલે સાથે કરાવેલી. તેઓની કોઈ ખ્યાતિ નહોતી. તેઓ ભક્ત હતા. અને યોગ વિષે મર્યાદિત પણ સાચી હકીકત જાણતાં હતાં. તેમણે તેમને મનને નીરવ કરવાની ધ્યાન-પ્રક્રિયા સમજાવી. મનમાં આવતા દરેક વિચારને બહારથી આવતો ગણી તેને બહાર ફેંકી દેવાનો અભ્યાસ કરવા કહ્યું. તેઓ મુજમદારના મકાનમાં ત્રીજે માળે સાથે જ રહ્યાં. ત્રીજે દિવસે શ્રી અરવિન્દને નીરવ-મનનો સાક્ષાત્કાર થયો. લેલેને પણ આશ્ચર્ય થયું. આ નીરવમનની સાધનાથી તેમને અનેક આધ્યાત્મિક અનુભવો આવેલાં. તેમની ચેતના પણ બદલાઈ ગઈ હતી. તેમને પોતે સર્વવ્યાપી, અસીમ ચેતના હોવાનો, પરબ્રહ્મનો અનુભવ આવેલો. મુંબઈમાં તેમને વ્યક્તિમાત્ર પરમ-ચેતનામાં ફરતા ખાલીખમ્મ આકારો જેવા, સ્વપ્નવત્ દેખાએલાં.

એ વખતે લેલેને અંદરથી સૂચના મળી કે શ્રી અરવિન્દને પ્રભુને સમર્પિત રહી અંતરાત્માને અનુસરવાની સલાહ આપવી. તેમણે તે મુજબ આપી.

તે પછી શ્રી અરવિન્દને ઘણી જ વિચિત્ર અનુભૂતિઓ આવી, જેમાં ભૌતિક જીવનનું પણ રૂપાંતર કરવા તે જીવન પણ સ્વીકારી કર્મયોગી તરીકે જીવવું જોઈએ એમ લાગવા લાગ્યું. લેલે પોતે નિવૃત્તિમાર્ગી હોવાથી શ્રી અરવિન્દને કોઈ અદિવ્ય તત્ત્વો આવી રીતે બહેકાવી રહ્યાં છે એમ લાગ્યું અને બન્ને જુદા પડ્યાં.

શ્રી અરવિન્દની સાધનાના આ રીતે અલ્પકાલિન ગુરુ લેલે. પરબ્રહ્મની કૃપા અને તે પછી મહાકાળી અને કૃષ્ણની કૃપાને લીધે જ સાધના આગળ વધી છે એમ તેઓ માને છે.

કૃષ્ણની કૃપા વગર અધિમનસની પેલેપાર અતિમનસ-ચેતનામાં જવાતું નથી અને મહાકાળીની કૃપા વગર આ માર્ગમાંના વિકટ અવરોધોને ભાંગીને પોતાનો સમર્પણભાવ ટકાવી શકાતો નથી. આપણા યોગની દોરવણી પ્રભુ જ સાચી રીતે કરી શકે છે તેથી સમર્પણની જરૂર છે.

# ભાવિ સમાજ

- શ્રી અરવિન્દ અને શ્રી માતાજી

(પુસ્તિકા - ભાવિસમાજ પૃ.૧-૧૭)

## આધ્યાત્મિકતા સમાજ (ચાલુ)

### અવતરણો - પ્રકરણ - ૧

**સમજૂતી** - માનસિંહ ચાવડા

આવા વિકાસ દરમિયાન વ્યક્તિ કે સમાજે પ્રભુનો જે સ્વરૂપનો સાક્ષાત્કાર કર્યો હશે અને તેને લીધે મળેલાં આત્મપ્રકાશ, શક્તિ, સૌંદર્ય, સંવાદ અને આનંદ એ સમગ્ર માનવજાતિના જણાશે અને માનવજાતિએ તેને અનુસરવાનો રહેશે. કારણ ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં સામૂહિક સાક્ષાત્કાર જ સ્થાયી પરિણામ રચતો મહત્ત્વનો ઠરે છે. આ સામૂહિક સાક્ષાત્કાર તે સમાજના વધુમાં વધુ લોકોમાં પ્રકટ થવા લાગે છે. દરેક યુગમાં આવા સામૂહિક સાક્ષાત્કાર જુદી જુદી કક્ષાનાં અને સ્વરૂપનાં હશે, પણ તે બધા જ સમાજની સમગ્ર ચેતનાનો વિકાસ સાધવામાં મદદરૂપ થાય છે. આનો અર્થ છે વધારે ઉમદા માનવજાતિનો આવિર્ભાવ અને ઉત્ક્રાંતિની આગેકૂચ. આને કારણે નવા જ પ્રકારની માનવ - એકતા અને સંવાદિતા રચાય છે. આ સંવાદિતા આંતરિક અને બાહ્ય બન્ને સ્વરૂપની હોય છે અર્થાત્ સમાજનાં વ્યક્તિ - વ્યક્તિ વચ્ચે, ભાગ-ભાગ વચ્ચે સંવાદિતા રચાય છે અને એક સમાજ બીજા સમાજ સાથે પણ બાહ્ય રીતે સંવાદિતામાં રહે છે.

સમાજમાં સ્વતંત્રતા અને સંવાદમયતા જેમ જેમ અધ્યાત્મિકતા વધશે તેમ વધતી જ જાય છે, પણ તે માટે વધારે ને વધારે પ્રકાશ, સમજણ, તે સમજણના આધારે રચાતો દૃઢ સંકલ્પ, એ સંકલ્પને કારણે પ્રયત્નો અને તેના પરિણામરૂપ વધારે આત્મ-દર્શન અને આત્મ-સાક્ષાત્કાર થતો જશે અને તે અનુસાર જીવનને ઘાટ અપાતો જશે.

માનવમાં રહેલ પૂર્ણતાની ઝંખના આ રીતે જ સંતોષાય છે. સમાજદ્વારા પૂર્ણ - જીવનને પ્રકટ કરવું એ જ ભાવિ - સમાજનું દયેય હશે.

**માનવ તરફનો દૃષ્ટિકોણ**

પૂર્ણ સમાજમાં માનવને મન, પ્રાણ, શરીરનો સંઘાત કે સંઘટન સ્વરૂપે નહિ જોય પણ પૃથ્વી ઉપર પૂર્ણતાને પ્રકટ કરવા અવતરણ પામેલા આત્મતત્ત્વ તરીકે જોશે. મન, પ્રાણ, શરીર તો કલુષિત છે અને કલુષિત જ રહેવાનાં છે, તેથી તેમને ત્યાગવા જરૂરી છે એવી ધારણા તે નહિ સ્વીકારે, પણ તે આત્માના આવિર્ભાવનો પ્રમુખ આધાર છે એવું માનશે. હાલનાં તબક્કે તેમનામાં દેખાતી હીનતા અને અશુદ્ધિ કરતાં ભવિષ્યમાં સર્વોચ્ચ

સંભાવનાઓમાં તે વિશ્વાસ રાખે છે. આત્મામાં જે બીજરૂપે છે. ઋત્-સ્વરૂપ છે તેને ભૌતિક કક્ષાએ વાસ્તવિક સત્ય બનાવવાનાં તે સક્ષમ સાધનો છે એવું તે માનશે. આજે તેવું દેખાતું નથી, છતાં તે દિવ્ય-સંભાવના ઉપર શ્રદ્ધા રાખશે.

**સામુદાયિક - ચેતના**

અનેક વ્યક્તિઓ દ્વારા જ સામુદાયિક ચેતના પ્રકટ થઈ રહી છે એવું તે માને છે. આ સામૂહિક ચેતના જ વિશાલ થતાં થતાં અંતે વૈશ્વિક-ચેતના તરીકે પ્રકટ થશે અને એટલા પ્રમાણમાં માનવ વ્યક્તિ-ચેતનાને અતિક્રમી જશે. અંતે, માનવ આંતરિક રીતે ઈશ્વર સાથે એકરૂપતા અનુભવશે. આ આંતરિક દિવ્યતા જ પછી બાહ્ય પ્રકૃતિને પણ દિવ્ય કરવાની પ્રક્રિયા આરંભશે જેને રૂપાંતરની પ્રક્રિયા કહે છે.

પણ આ રૂપાંતરની પ્રક્રિયા દબાણ સ્વરૂપ નહિ હોય. બાહ્ય પ્રકૃતિનું દમન આમાં અભિપ્રેત નથી પણ આંતરિક પ્રકાશ સામે સ્વૈચ્છિક સમર્પણ દ્વારા રૂપાંતરની પદ્ધતિ માન્ય છે. આધ્યાત્મિક સમાજમાં વધતું જતું વ્યાપક-સ્વાતંત્ર્ય અને છતાં વધતી જતી એકતા નજરે પડે છે. બહારથી પરાણે લદાએલ ગુલામીમાં સબડતાં સમાજમાં એકતા જણાશે, પણ આંતરિક રીતે વ્યક્તિ નિર્બળતા અને પરાધીનતા જ અનુભવતી હશે. આવી એકતા આધ્યાત્મિક - સમાજ રચી શકતી નથી.

**આંતરિક નિયમો**

આધ્યાત્મિક સમાજમાં પણ બંધન હોય છે પણ તે આંતરિક નિયમનું હોય છે. આંતરિક જ્ઞાનને કારણે સ્વેચ્છાએ સ્વીકારેલું હોય છે અને તેથી તેવી વ્યક્તિ નિર્બળતા કે પરાધીનતા અનુભવતી નથી.

આંતરિક - સ્વાતંત્ર્ય ચેતનાનો વિકાસ કરી આંતરિક - ક્ષમતાઓને વિકસાવી બહાર પ્રકટ કરે છે.

જૂના ધર્મોમાં જેમ આધ્યાત્મિક સત્યો અને નિયમોને અજ્ઞાનથી, જોરજુલમથી, હઠાગ્રહથી, સમાજ ઉપર લાદવાનો પ્રયત્ન કર્યો તેવો પ્રયત્ન આ આધ્યાત્મિક સમાજમાં નહિ થાય. દરેકના અવનવા સાક્ષાત્કારોને વિશાલ સંવાદિતામાં ગોઠવી દેવામાં આવશે.

**વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન**

વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન એ કોઈ પણ ધર્મના ચોખટામાં પોતાને ગોઠવવા તૈયાર હોતા નથી. પણ તટસ્થ બૌદ્ધિકતાથી જ નિર્ણયો લે છે. પણ તેથી ડરવાની જરૂર નથી. જો તેમને સાચા માર્ગે છૂટો દોર આપવામાં આવે તો તે જ આધ્યાત્મિક સત્યોને સત્ય તરીકે પ્રસ્થાપિત કરવામાં મદદરૂપ બની જશે. પણ હાલના તબક્કે તેઓને સ્વાતંત્ર્ય આપવું જરૂરી છે. અધ્યાત્મ કોઈ વખત ખોટું દબાણ લાવવામાં માનતું નથી. અધ્યાત્મ વિરોધી લાગતા વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન ફરી ઘડિયાળના લોલકની જેમ પાછા ફરી અધ્યાત્મને

પોષક જ પુરવાર થશે, કારણ જગતમાંનાં બધાં જ સત્યો અને સત્યને આધારિત નિયમો એક જ તત્ત્વનાં વિવિધ સ્તરનાં નિયમો છે. તેથી તેમની નીચે એક પરમ એકતા છૂપાએલી જ હોય છે, જે અંતે પ્રકટ થયા વગર રહેતી નથી.

**કલા**

જેમ વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન બાબત છે તેવું જ કલા બાબત પણ છે. કલા ધાર્મિક વિચારો સાથે સુસંગત હોવી જ જોઈએ અથવા કલાનો ધર્મ સાથે કોઈ સંબંધ જ નથી : આ બન્ને અતિરેકી અને એકાંગી - વિચારો છે. અધ્યાત્મ આત્માસંબંધી જ્ઞાન છે અને આત્મામાં સુંદરતા આવી રહેલી જ હોય છે કારણ તે 'સત્યમ્ શિવમ્ સુંદરમ્' તત્ત્વ છે. તેથી કલા જે સૌંદર્યની ઉપાસના કરે છે તે આત્માનું જ પાસું છે.

પણ ધર્મ કાલાંતરે કાલબાહ્ય બની નિર્જીવ અને સત્યપ્રકાશ વગરનો બની જાય છે ત્યારે તેવા ધર્મ દ્વારા આત્માની સુંદરતા પ્રકટ થવી શક્ય ન હોવાથી તેવા ધર્મ સાથે કલાએ સુસંગતતા રાખવાનો આગ્રહ ખોટો ઠરશે. જ્યારે એવું પણ સૌંદર્ય હોઈ શકે જે હજી ધર્મે પ્રકટ કરેલ નથી, પણ કલાએ ધારણ કરી લીધેલું હોય છે. તેથી તે વખતે પણ કલા ધર્મથી અલગ લાગશે.

સાચી વાત એ છે કે કલા એ પોતાના આંતરિક નિયમો દ્વારા જ સૌંદર્યની ઉપાસના કરશે તો અંતે તે સાચી આધ્યાત્મિકતાને અનુરૂપ જ બની જશે.

**માનવીની નબળાઈઓ**

મનુષ્યની પશુતાને દમનથી જ નષ્ટ કરવી જોઈએ, એ વિચાર લોકોને વ્યવહારુ લાગશે છતાં આધ્યાત્મિક સમાજમાં આંતરિક વિકાસ દ્વારા જ સ્વયં શાસનને માન્ય રાખવામાં આવે છે, કારણ જ્યાં સુધી માનવીનું આંતરતત્ત્વ પાશવતાથી મુક્ત નહિ હોય ત્યાં સુધી બાહ્ય બંધનો ભાંગી પડવાનું જોખમ ઊભું જ રહે છે.

દમન બાહ્ય વર્તન પ્રકારો ઉપર નિયંત્રણ લાવી શકે છે અને દિખાવી સભ્યતા રચી શકે છે. પણ તેને લીધે આંતરિક સુસંવાદ જોખમાય છે, તે સાચી આધ્યાત્મિકતા નથી.

આવી રીતે વ્યક્તિનાં નિમ્ન તત્ત્વોનાં સ્વાતંત્ર્યને આદર આપશે પણ સાથે સાથે તેમની વર્તમાન સ્થિતિને તેમના ભરોસે જ છોડી પણ દેશે નહિ. તેમાનામાં રહેલ આત્માના આંતરિક સત્યને પ્રકટ કરીને તેમને આત્માના અનુશાસનમાં રહેવાનું શીખવશે. સ્વાતંત્ર્યનો ઉચ્ચતર નિયમાનુસાર જ બધું ગોઠવવામાં આવશે.

ભૌતિકવાદ,સંશયવાદના સાચાખોટા નિર્ણયોને તર્કશુદ્ધ રીતે તપાસી તેમાં રહેલા વિસંવાદને દર્શાવી તેમની ભૂલો દર્શાવશે, જેથી સાચી અધ્યાત્મિકતાનો પાયો મજબૂત રીતે રચાય.

(પૃષ્ઠ ૪૮ ઉપર)

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

**Aphorisms**

(માતૃવાણી ભા-૧૦, પૃ.૩૦-૩૫) પ્રકરણ-૯

## સાચી અમરતા અને તેની વિકાસ પદ્ધતિ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**દેહના મૃત્યુ પછી પણ મનોમય વ્યકિતતા ટકી રહે તે કાંઈ અમરતા નથી, જો કે એ પણ સાચું છે. પણ ખરી અમરતા તો આ દેહ, જે અજન્મા અને અમર આત્મસ્વરૂપનું કેવળ એક કિરણ અને પડછાયો માત્ર છે તેને જાગ્રતપણે ધારણ કરવામાં રહેલી છે. (૯)**

પશ્ચિમમાં લોકો શરીરના મૃત્યુ પછી જીવન નથી જ એવા ભૌતિકવાદનાં પ્રભાવમાં જીવતા હતાં, ત્યારે ત્યાં ગૂઢશાસ્ત્રોનો અને પેરાસાયકોલોજી (પારમાનસશાસ્ત્ર)નો વિકાસ થયો અને તેમણે મૃત્યુ પછી પણ માનવની માનસિક વ્યક્તિતાના પુરાવાઓ કેરેલિયન ફોટોગ્રાફી દ્વારા આપવા માંડ્યા, ત્યારે સામાન્ય સમાજે માન્ય કર્યું કે મૃત્યુ પછી પણ અસ્તિત્વ છે અને તેને આત્માની અમરતાનો પુરાવો ગણ્યો, કારણ તેમની દૃષ્ટિએ મનોમય સ્વરૂપ જ આત્મા છે. પણ ભૌતિક શરીરની જેમ મનોમય સ્વરૂપ પણ કાલાંતરે નાશ પામે છે, તેથી તે અંતિમ દૃષ્ટિથી સત્ય નથી. આત્મતત્ત્વે ધારણ કરેલો તે એક આવિર્ભાવ માત્ર છે. પણ પશ્ચિમના લોકોની ધારણા મુજબ તેમને માટે તે અમરતાના પુરાવા જેવું જ છે. પણ આપણે પૌર્વાત્યો માટે તે પુરાવારૂપ નથી, કારણ તેઓ મનોમય સ્વરૂપને આત્માની એક અભિવ્યક્તિ જ માને છે, તેથી વિશેષ કાંઈ નહિ.

બીજું, મનોમય સ્વરૂપ બધા જ માનવોનું સુગઠિત અને વિકસિત હોય છે તેમ પણ નથી. ઘણા માનવોનો માનસિક વિકાસ જ ન હોવાથી તેમનું મનોમય વ્યક્તિત્વ વિકાસ પામેલું જ હોતું નથી. તેથી તેમનું મનોમય સ્વરૂપ પણ ભૌતિક સ્વરૂપના વિઘટન બાદ વિઘટિત થઈને વૈશ્વિક મનોમય તત્ત્વમાં જઈ મળે છે. પણ જો મનોમય - સ્વરૂપ સુઘટિત હોય તો તે સ્વતંત્ર રીતે ભૌતિક શરીર વગર પણ જીવી શકે છે અને તેના દિવ્ય અંશો ભાવિ જન્મમાં સહભાગી પણ થઈ શકે છે. આવા અંશો ચૈતસિક-સ્વરૂપમાં ગોઠવાઈ ગએલાં હોય છે. આ ચૈતસિક-સ્વરૂપ પણ અનુભવોથી જ વિકાસ પામતું હોય છે, પણ શ્રી

અરવિન્દ મનોમય કે ચૈતસિક સ્વરૂપની ભૌતિક સ્વરૂપથી સ્વતંત્ર હસ્તીને પણ અમરતા ગણતા નથી.

ચૈતસિક સ્વરૂપ ખરેખર તો વૈશ્વિક સ્વરૂપનો અંશ જ હોય છે અને તેનો એક આવિર્ભાવ જ હોય છે. જ્યારે તે વૈશ્વિક-સ્વરૂપ સાથેની એકરૂપતા ક્ષણે ક્ષણે અનુભવે છે ત્યારે જ તેમાં અમરતાનો ભાવ જાગવા માંડે છે.

સ્થૂળ શરીર કે મનોમય શરીર કે ચૈતસિક સ્વરૂપને ચિરકાળ ટકાવી રાખવાની ક્ષમતા એ અમરતા નથી પણ લોકો તેવી ગેરસમજ ધરાવતા હોય છે.

અમરતા, અનંતતા એ આત્મતત્ત્વનો ભાવ છે. જ્યાં સુધી પોતાને આ અમર-આત્માનો જ આવિર્ભાવ માત્ર છે એવો પ્રત્યક્ષ અનુભવ થઈ શકતો નથી ત્યાં સુધી અમરતાના ક્ષેત્રમાં તેને પ્રવેશ જ મળતો નથી.

મૃત્યુ પરિસ્થિતિ સાથે અનુરૂપ થવાની અક્ષમતાને લીધે આવે છે. આત્માની અનુકૂળ થવાની ક્ષમતાને કોઈ મર્યાદા નથી, તેથી તેને મૃત્યુ જેવું નથી. તેની ક્ષમતા અસીમ હોવાથી તે સ્વૈચ્છિક મૃત્યુ અર્થાત્ અવ્યક્ત થવાની ક્ષમતા પણ રાખે છે, તેથી અમરતાનો અર્થ છે અનૈચ્છિક મૃત્યુનો અભાવ અને સ્વૈચ્છિક મૃત્યુની ક્ષમતા. તે જૂનું રૂપ વિર્સજન કરીને નવું લઈ શકે છે અથવા જૂનાને જ ધારણ પણ કરી રાખી શકે છે. આવું ભૌતિક કક્ષાએ થવું પણ શક્ય છે. જો શરીર અતિમનસ શક્તિને ધારણ કરી શકે, અતિમનસ શક્તિમાં અનુકૂળ થઈને પણ પોતાનો મૂળ સ્વભાવ ટકાવી રાખવાની ક્ષમતા છે. તે અદિતિ અને દિતિનો સમન્વય સાધે છે. ચેતનાની અખંડતા, અવિભાજીતતા બાબત (અદિતિ) પણ સભાન છે અને તેનાં અનંત આવિર્ભાવો બાબતમાં (દિતિ) પણ. તે સીધેસીધી આત્મશક્તિને શરીર સાથે જોડી દેશે. મન, પ્રાણના માધ્યમ વગર તેનું શાસન કરશે. શરીર એ તેના આવિર્ભાવનું અનંત પૈકી એક સાધન છે એ તે જાણે છે.

પણ આ સાધન હજી અવિકસિત છે. આત્મતત્ત્વને પૂરેપૂરું વ્યક્ત કરી શકતું નથી. તેથી તેણે કરેલો આવિર્ભાવ તો મૂળ આત્મતત્ત્વની એક ઝાંખી છાયા જેવો જ લાગે છે.

આ વિકસિત સાધનને આત્મા પોતાના આવિર્ભાવના વિકાસ માટે વાપરવા ઇચ્છે છે. તેને નવી જિંદગી સ્વીકારવાની તૈયારી કરવી છે. નવા અનુભવો લેવાની વ્યવસ્થા કરવાની છે. તે અનેક જિંદગીઓ જીવી ચૈત્યપુરુષનું ઘડતર કરે છે. જ્યારે તેના અંતિમ તબક્કામાં હોય છે ત્યારે નવા જન્મનો નિશ્ચિત સમય, સ્થળ, ધ્યેય નક્કી કરીને જ જન્મે છે. હવે શરીરને તે નિશ્ચિત પદ્ધતિથી કેળવી તેનું રૂપાંતર સિદ્ધ કરે છે. તેમાં શારીરિક કેળવણીથી શરીરનાં કોષોમાં ચેતનાને દૃઢ રીતે સ્થાપે છે. કોષોને ચપળ, નમનીય અને સંકલ્પને આધિન બનાવે છે. આમાં મગજનો પણ વિકાસ થતો હોય છે.

(પૃષ્ઠ ૬ ઉપર)

# સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

(Integral Healing પૃ.૧૧૩-૧૧૭)

અવતરણો પ્રકરણ - ૧૭

## ચૈત્યપુરુષ સાથે એકરુપતા

1 A misfortune..... touches only the outer consciousness - the physical, mental, the vital , but psychic is above all sufferings - P.113
2 The inner being is composed of the inner mental, inner vital, inner physical - but that is not the psychic being. The psychic is the inmost being. P-113
3 If we learn to live within, we infallibly awaken to this presence within us, our real self, profound, calm, Joyous and puissant of which the world is not the master. P.113
4 We are aware of it - supporting and helping the superficial self - smiling at its pleasure and pain as the errors of a little child. P.-113
5 There are people who, due to their very constitution..... are in a certain harmony with Nature..... these people are always Joyful, content. P-114
6 If you succeed in uniting consciously with your psychic being, you can always be in the state of receptivity..... communion with the divine Presence and you see it everywhere, in everything.... what does it depend on ? On grace : a receptivity to something that is beyond you. P.115
7 When you medidate, you open to the psychic (become aware) bring out the full force of psychic being (aspiration) into physical. P.115
8 The peace and knowledge are in the psychic being and from there they spread to mind, vital and physical. P.115

**સમજૂતી** - માનસિંહ ચાવડા

આપણા સ્વરૂપનો બાહ્ય ભાગ એટલે આ મન, પ્રાણ અને શરીર. આમને ‘આધાર’ પણ કહે છે, કારણ ભૌતિક જીવનને આ ત્રણ મળીને શક્ય બનાવે છે અને આમની દ્વારા ચેતના પ્રગટ થાય છે.

દુઃખ અને યાતનાનો સ્પર્શ આ આપણા બાહ્ય સ્વરૂપને જ થાય છે. તે આપણા સ્વરૂપમાં રહેલ કેન્દ્રિય ચેતના સ્વરૂપ ચૈત્યપુરુષને સ્પર્શતું જ નથી. ચૈત્યપુરુષની દૃષ્ટિએ તેના આધારની તેને પ્રગટ કરવાની અક્ષમતા જ આધારને પોતાનાં દુઃખ અને યાતના-સ્વરૂપ લાગે છે. ચૈત્યપુરુષ સનાતન હોવાથી તેને તેનો આધાર જલદી તેને પ્રગટ કરવા શક્તિમાન થાય તેની જરાપણ ઉતાવળ નથી. તેની સામે સનાતન કાળ પડેલો છે, તેથી તેને તે બધી બાબત દુઃખ અને યાતના સ્વરૂપ લાગતી જ નથી.

પણ આપણે બધાં બાહ્ય ચેતનામાં રહેતાં હોઈએ છીએ, તેથી ચૈત્યપુરુષનું અસ્તિત્વ અને તેનો અનુભવ આપણને આવતો જ નથી. જો આપણે આંતરિક જીવન જીવતા

થઈએ તો ત્યાં આપણને ચૈત્યપુરુષની હાજરી અનુભવાય છે. આંતરિક એટલે વિચારમાં અથવા ભાવનાઓના ઉભરામાં અટવાઈને જીવવું એમ નથી. આ તો હજી આધારનો જ પ્રદેશ છે. વિચારોની પણ પેલેપારનું જે જીવન હોય છે તેને આંતરિક જીવન કહે છે.

આંતરિક-સ્વરૂપમાં આંતરમન, આંતરપ્રાણ અને આંતરિક પાર્થિવતત્ત્વથી બનેલા- સ્વરૂપનો સમાવેશ થાય છે. આ આંતરિક તત્ત્વો ચૈત્યપુરુષની હાજરીથી પ્રભાવિત હોય છે. તેના પ્રકાશથી પ્રકાશિત હોય છે. આપણા ભૌતિક જીવનમાં અનુભવાતા વિચારો, ભાવનાઓ અને શારીરિક ક્રિયાઓ તમોગ્રસ્ત હોય છે. તેમાં ચૈત્યપુરુષની હાજરી અનુભવાતી નથી. ચૈત્યપુરુષ અને ચૈતસિક શરીર એ તો આ આંતર-સ્વરૂપની પણ અંદર અને તેની પેલેપારના અસ્તિત્વનો ભાગ છે.

ચૈત્યપુરુષ આપણા આંતર અને બાહ્ય સ્વરૂપને આધાર આપે છે. તે આપણા સ્વરૂપોમાં શાંતિ, પ્રસન્નતા, સાચી સમજણ પેદા કરે છે. ચૈત્યપુરુષ તો પરમપ્રભુનો એક પ્રકાશમય સ્ફુલિંગ છે. તે પ્રભુનું આપણા સ્વરૂપમાંનું આવિર્ભાવ કેન્દ્ર છે. તે બાહ્ય સ્વરૂપની બધી જ ગતિવિધિઓ સાક્ષી તરીકે જોતો હોય છે. તેનો જોવાનો ભાવ નાના બાળક જેવો નિર્દોષ હોય છે.

ઘણા લોકો છે જેમનાં સ્વરૂપનું બંધારણ જ એટલું સંવાદમય હોય છે કે તેઓ સમગ્ર વિશ્વપ્રકૃતિ સાથે સંવાદમય રીતે રહી શકે છે. જો તે વ્યક્તિ પોતાના ચૈત્યપુરુષ સાથે સભાન રીતે સંપર્કમાં સદા રહી શકે તો તેનું સ્વરૂપ સદા ગ્રહણશીલ, આંતરિક આનંદપૂર્ણ, આંતરિક શક્તિથી ભરપૂર, પ્રગતિશીલ, પ્રભુની હાજરીનો સદા અનુભવ કરતું બને છે અને જ્યારે આવી હાજરી સર્વત્ર અનુભવે છે, ત્યારે સર્વત્ર અને સર્વમાં તે પ્રભુને લીલા કરતા જોઈ અને અનુભવી શકે છે.

પ્રશ્ન એ છે કે આવી સ્થિતિ આપણે મેળવવી કેવી રીતે ? પ્રભુની કૃપા સિવાય આ થવું શક્ય જ નથી. પ્રભુકૃપા એટલે એવી ગ્રહણશીલતા જે ઊર્ધ્વમાં રહેલ પ્રભુની હાજરીને સતત અનુભવે છે.

આપણે જ્યારે મનને શાંત, નીરવ કરીને ધ્યાનમાં પોતાના જ શુદ્ધ અસ્તિત્વને આંતરિક રીતે અનુભવવાનો પ્રયત્ન કરતા હોઈએ છીએ અને તેમાં નિમગ્ન બની જઈએ છીએ ત્યારે આપણે નિશ્ચિત રીતે પ્રભુકૃપાના પ્રભાવ નીચે જ હોઈએ છીએ, ત્યારે આપણને પ્રભુની સતત મદદની, સંરક્ષણની, માર્ગદર્શનની, આંતરપ્રેરણાઓની જરૂર હોય જ છે. આપણા શારીરિક કોષોમાં પણ શાંતિ, નવસર્જન શક્તિનો અનુભવ થાય છે અને રોગોનું નિવારણ થાય છે. શાંતિ અને દિવ્યજ્ઞાન ચૈત્યપુરુષમાં જ રહેલાં હોય છે. ચૈત્યપુરુષનો સંપર્ક બાહ્ય-સ્વરૂપ સાથે થતાં જ તેમાંની શાંતિ અને દિવ્ય સમજણ બાહ્ય સ્વરૂપમાં પણ વહી આવે છે અને બાહ્ય સ્વરૂપ ધ્યાનમાં પ્રવેશી જાય છે.

# ''કેન્દ્ર - પ્રજ્વલિત યજ્ઞવેદી''

- હર્ષદ ઠકરાર

## મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર
## સ્થાપનાદિન ૬ જુલાઈ નિમિત્તે

શ્રી અરવિન્દની પૂર્ણયોગની સાધના કરતા સાધકને સ્વાભાવિક પ્રશ્ન થાય કે પોતે સ્વયં અભીપ્સા સેવે છે, સમર્પણભાવ પ્રગટ કરવા પ્રયત્ન કરે છે અને સ્વયંમાં રહેલા અવગુણો ત્યાગવા પ્રયત્ન કરે છે, તો પછી સાધના કેન્દ્રમાં જવાની શું જરૂરિયાત છે ? પારંપારિક જુદા જુદા ધર્મોમાં દેવસ્થાને જવાની જે જરૂરિયાત છે, તે જ જરૂરિયાત પૂર્ણયોગના સાધકની સાધના કેન્દ્રમાં જવાની રહે છે.

કોઈ સાધક સાધના કરી વ્યક્તિગત સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે, પરંતુ સમગ્ર માનવની ચેતનાને ઉત્ક્રાંત કરી શકતો નથી. માનવ-ચેતનાને ઉત્ક્રાંત થવા માટે સામૂહિક સાધના કરવી પડે છે. આ સાધના સામૂહિકરૂપે સાધના કેન્દ્રમાં શક્ય બને છે. સાધના કેન્દ્રમાં થતી સાધના દ્વારા સમૂહની ચેતના ઉત્ક્રાંત થાય છે.

આપણે જાણીએ છીએ કે જ્યારે જ્યારે ઉત્ક્રાંતિ આવેલ છે ત્યારે ત્યારે ઉત્ક્રાંતિ કોઈ વ્યક્તિ પૂરતી સીમિત નથી હોતી, પરંતુ સમગ્ર જાતિમાં ઉત્ક્રાંતિ આવેલી હોય છે. જેમ કે એક કે બે વાનર ઉત્ક્રાંત થઈને માનવ બન્યાં નથી. પરંતુ વાનરની અમુક પ્રકારની પ્રજાતિ સંપૂર્ણપણે રૂપાંતર પામી માનવરૂપે ઉત્ક્રાંત થયેલ છે.

પુષ્પ એકલું હોય તો પુષ્પ પ્રભુની ડોકમાં પહેરાવી શકાતું નથી, પરંતુ જુદાં જુદાં પુષ્પો ભેગાં કરી તેનો હાર બનાવવામાં આવે તો તે હાર પ્રભુની ડોકમાં પહેરાવી શકાય છે. પુષ્પ નબળું હોય તો આપણે તેને પ્રભુના ચરણે ચડાવતા નથી, પરંતુ હારની અંદર એકાદ પુષ્પ નબળું આવી ગયું હોય તો પણ હારને પ્રભુની ડોકમાં પહેરાવી શકાય છે.

આ રીતે સાધના કેન્દ્રમાં આવતા સાધનાથી અજ્ઞાની વ્યક્તિ સાધના કેન્દ્રની જ્ઞાની વ્યક્તિની સંગાથે સાધના કરી પ્રભુ સુધી પહોંચી શકે છે.

ઝરણું સમુદ્ર સુધી પહોંચી શકતું નથી, પરંતુ અનેક ઝરણાંઓ સાથે મળી નદી સ્વરૂપે સમુદ્ર સુધી પહોંચી, સમુદ્રમાં લય પામી શકે છે. સાધના કેન્દ્રમાં આવતી વ્યક્તિ સાધના કેન્દ્ર દ્વારા વ્યક્તિગત ચેતનામાંથી વૈશ્વિક ચેતના સુધી પહોંચી વૈશ્વિક

ચેતનામાં લય પામી જાય છે.

નદીરૂપ પ્રવાહમાં ગટરનું પાણી ભળી જઈ સમુદ્ર સુધી પહોંચી સમુદ્રમાં લય પામી જાય છે, કારણ કે નદી અને ગટર બંનેમાં મૂળ તત્ત્વ પાણી છે. તે રીતે સાધના કેન્દ્રમાં આવતા સાધકોની મૂળ ચેતના તથા કેન્દ્રથી મૂળ ચેતના ચૈતસિક ચેતના છે. માનવની ચૈતસિક ચેતના સાથે ભળી ગયેલી મનોમય અને પ્રાણમય ચેતનારૂપી ગંદકી હોવા છતાં પણ સાધક સાધના કેન્દ્રની મૂળ ચૈતસિક ચેતના સાથે ભળી સમુદ્રરૂપી વૈશ્વિક ચેતનામાં લય પામી જાય છે.

સાધના કેન્દ્રમાં આવતા સાધકોની મનોમય અને પ્રાણમય ચેતના તેના મૂળ સ્વરૂપે ચૈતસિક ચેતનામાં રૂપાંતર પામતી હોવાથી સાધકો વચ્ચે પરસ્પર સ્પર્ધાને બદલે સહકાર સ્થપાય છે. સાધકો વચ્ચે સ્પર્ધા રહેતી ન હોવાથી સાધકની ચૈતસિક ચેતનાનો વ્યય થતો નથી, પરંતુ ચૈતસિક ચેતના વૃદ્ધિ પામે છે. જે રીતે એક રૂમમાં એક દીપક પાસે બીજો દીપક રાખવાથી રૂમનાં પ્રકાશમાં વધારો થાય છે, તે રીતે સાધના કેન્દ્રમાં આવતા સાધકોની ચેતનામાં આપોઆપ વૃદ્ધિ થાય છે.

સાધના કેન્દ્રમાં સાધકો પરસ્પર સહકાર દ્વારા સાધના કેન્દ્રની ચેતનાને સુગ્રથિત કરતા હોવાથી આપોઆપ દિવ્ય ચેતના પણ સાધકોને માર્ગદર્શન આપવા, મદદ કરવા અવતરતી હોય છે, જે સમજાવતા શ્રી માતાજી જણાવે છે કે -

"Be sure that I am always present among you to guide and help you in your work and sadhna"

**- The Mother**

''ખાતરી રાખો કે તમારાં કાર્યમાં અને તમારી સાધનામાં તમને માર્ગદર્શન આપવા તથા મદદ કરવા માટે હું તમારી બધાંની વચ્ચે હંમેશા હાજર છું.''

**- શ્રી માતાજી**

શ્રી માતાજીએ સમજાવ્યું છે તે મુજબ સાધના કેન્દ્રમાં સાધકોને સાધનામાં મદદ કરવા દિવ્ય ચેતના હમેશાં હાજર રહેતી હોવાથી, સાધકમાં રહેતા અવગુણો આપોઆપ ખરી પડે છે. સાધકમાંથી અવગુણો ખરી પડતા હોવાથી સાધક આપોઆપ દિવ્યચેતનાને સંપૂર્ણપણે સમર્પિત થઈ જાય છે.

સાધક સંપૂર્ણપણે દિવ્યચેતનાને સમર્પિત થતો હોવાથી સાધકનાં તમામ કાર્યો મન અને પ્રાણ દ્વારા સંચાલિત થતાં નથી, પરંતુ સાધકનાં તમામ કાર્યો દિવ્યચેતનાની પ્રેરણા દ્વારા સંચાલિત થાય છે. સાધક દિવ્યચેતનાની પ્રેરણા દ્વારા કાર્ય કરતાં હોવાથી

સાધક માટે સાધના કેન્દ્ર એક પ્રજ્વલિત યજ્ઞવેદી બની જાય છે.

સાધના કેન્દ્ર પ્રજ્વલિત યજ્ઞવેદી સ્વરૂપ બનતું હોવાથી સાધક શ્રી માતાજીએ આપેલી અભીપ્સાની પ્રાર્થનાનું સતત રટણ કરતો રહે છે :

**અભીપ્સાની પ્રાર્થના**

આ પ્રભાતે
આપના પ્રતિ મારી પ્રાર્થના પ્રગટે છે,
સદા એકસરખી અભીપ્સાભરીઃ
આપનો પ્રેમ જીવવા,
આપનો પ્રેમ પ્રસારવા,
એવી તો ક્ષમતા અને અસરકારકતાપૂર્વક
કે જેથી આપણા સંપર્ક વડે
સર્વ પોતાને
સશક્ત,
પુનઃપ્રાણવંત અને આલોકિત અનુભવે.
હું શક્તિ પ્રાપ્ત કરુંઃ
જીવનને નિરોગી કરવા,
પીડા દૂર કરવા,
શાંતિનો અને અચળ વિશ્વાસનો સંચાર કરવા,
દુઃખને દૂર કરી
તેના સ્થાને એક સાચા આનંદને સ્થાપવા,
એવો આનંદ
કે જેનો આધાર આપમાં છે
અને જે કદી ઝંખવાતો નથી....
ઓ પ્રભુ,
ઓ અદ્‌ભુત મિત્ર,
ઓ સર્વ શક્તિમાન સ્વામી,
અમારાં સમગ્ર અસ્તિત્વમાં
સોંસરા ઊતરી આવો
ત્યાં સુધી તેનું રૂપાંતર કરી દો,
કે કેવળ આપ જ
અમારી અંદર અને અમારા દ્વારા જીવી રહો.

- શ્રી માતાજી
(સૌજન્ય - પ્રજ્વલિત યજ્ઞવેદી - પૃ.૪-૫)

પ્રજ્વલિત યજ્ઞવેદીરૂપે રહેલ સાધના કેન્દ્રમાં સાધક વ્યક્તિગતરૂપે કાર્ય કરતો નથી, પરંતુ પરમ પ્રભુના એક સાધનરૂપે કાર્ય કરે છે, એટલે કે સાધક એ સાધક રહેતો નથી પરંતુ પરમ પ્રભુના સાધનમાં રૂપાંતર પામે છે.

સાધના કેન્દ્રનો આ જ હેતુ છે, જ્યાં સાધક સામાન્ય માનવ રહેતો નથી પરંતુ પ્રભુના સાધનમાં રૂપાંતર પામે છે.

ૐ શાંતિ..... શાંતિ..... શાંતિ.....

## મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર સ્થાપના દિન

મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર - રાજકોટના સ્થાપના દિન નિમિત્તે તા. ૬ અને ૭ જુલાઈ ૨૦૧૧ના રોજ ગીતા, ઉપનિષદો અને શ્રી અરવિન્દ જીવન-દર્શનના અભ્યાસુ અને ચિંતક, જયેષ્ઠ સાધક મુ.શ્રી અનિરુદ્ધભાઈ સ્માર્ત સાથે સહમનન, સહચિંતન અને સત્સંગનો સમારોહ યોજ્યો છે. તેનો સાધક ભાઈ - બહેનોએ લાભ લેવા વિનંતી.

**કાર્યક્રમની રૂપરેખા**

**તારીખ** : ૬ અને ૭ જુલાઈ ૨૦૧૧ - **સ્થળ :** મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર

**વિષય** : **સાવિત્રીમાં નારદની ભૂમિકા અને દૈવીપ્રજ્ઞા.**

**સમય** : **સવારે** ૧૦.૩૦ થી ૧૨.૦૦ - ધ્યાન અને સત્સંગ

**સાંજે** ૬.૩૦ થી ૮.૦૦ સત્સંગ અને ધ્યાન

**પૂર્ણાહૂતિ** : તા. ૭ જુલાઈ - સાંજે ધ્યાન બાદ.

## કેન્દ્રનું નવું પ્રકાશન

**"કોષોની સાધના"** લે. માનસિંહ ચાવડા (પૃ.૪૮) - કિં.- **રૂા. ૫૦/-**

શ્રી માતાજીએ કોષોની સાધના વિષે જે વિગતો જાહેર કરેલી છે. તેનો સળંગ ચિતાર આપતી સારરૂપ સંક્ષિપ્ત - પુસ્તિકા

(પૃષ્ઠ ૪૦ ઉપરથી)


## ભાવિ સમાજ

પ્રાણશક્તિની અશુદ્ધિઓને પણ દબાણથી વશ નહિ કરે પણ તેમાં રહેલ દિવ્ય સર્જનશક્તિથી માહિતગાર કરી તે તરફ વિકસવા મદદરૂપ બનશે.

આવી રીતે આધ્યાત્મ જીવનનાં બધાં જ પાસાંઓને આત્માના આધારે ખીલવવાનો પ્રયત્ન કરશે. તે શરીરને ગંદગી માટે તિરસ્કૃત નહિ કરે, પણ દિવ્ય આધાર તરીકે વિસાવશે. ગંદગી, ભાવનાશૂન્યતા, શુષ્કતા, અરસિકતાને સ્થાન નહિ આપે પણ પ્રાણતત્ત્વની રસિકતાને આધ્યાત્મિક રંગે રંગશે.

અધ્યાત્મ દેવળ, પૂજારી વગેરેની કૃત્રિમ દૈવી-સત્તાને વશ નહિં થાય પણ આંતરિક દૈવી-સત્તાને અનુસરશે. દેવળો તેનાં પ્રતીક તરીકે જ ગણશે. ઈશ્વરના આંતરિક રાજ્યને બહાર પ્રકટ કરશે. દિવ્ય-જીવન રચવાનો માર્ગ કંડારશે. ઈશ્વરભાવ ઉપર આધારિત વિવિધ જીવનશૈલીઓને માન્ય રાખશે.

ભાવિ સમાજ આવો આધ્યાત્મિક સમાજ હશે.



# શ્રી અરવિંદ

Then something in inscrutable darkness stirred; A nameless movement, an unthought Idea.
Insistent, dissatisfied without aim, Something that wished but knew not how to be,
Teased the Inconscient to ware Ignorance.

Savitri B-1, C-1, P - 1-2

## આદિ - સંકલ્પનો સળવળાટ

ભાવાનુવાદ

અકળ તમસ્ મધ્યે, કંઈક હલચલ મચી, અનામી, વિચાર-પૂર્વ, કોઈ સંકલ્પના જાગતી.
આગ્રહી ને અસંતુષ્ટ છતાં, ધ્યેય વિહિન સક્રિય બની,
કંઈક ઈચ્છતી પણ ન જાણતી, કેમ સિદ્ધ થશે વળી.
અચિત્‌ને ઉર કેરતી ને, અજ્ઞાનને જગાડતી.

# કાલરાત્રી

અચિત્ ગભરાઈને, મૂલાધારે છુપાય,
એ અચિત્નું ભંડકિયું, પાતાળ-લોક કહેવાય. ||૧||

તમસ અંધકાર રૂપ ને, અચિત્ રાત્રી સ્વરૂપ,
તેનો જે 'કાળ' બને, તે કાળરાત્રી સ્વરૂપ. ||૨||

તમસ અચેતનને નાથતી, કરે શુદ્ધ આધાર,
સભાનતાનો ઉજાશ ભરે, અભાનતાનો નાશ. ||૩||

અવચેતનને ઉલેચતી, સંચિત કર્મનો ક્ષય,
ક્રિયમાણ કર્મ, પ્રારબ્ધને સાચવે તે અવ્યય. ||૪||

તેને ભોગવ્યે છૂટકો, એ શાસ્ત્ર કહે છે વાત,
જેમ ચાકડાની ગતિ, ધીમે ધીમે જાત. ||૫||

આમ કર્મ-ક્ષય થએ, ન રહે કર્મનાં મૂળ,
આ કાળરાત્રી તણું કાર્ય ગણ્યું, એમાં ન કોઈ ભૂલ. ||૬||

---

(કાળરાત્રીનાં સ્વરૂપમાં ગધેડા ઉપર સવારી અવચેતન અને અચેતન ઉપરના વિજયનું પ્રતીક છે. અચેતન ગધેડા જેવું યાંત્રિક અને મૂર્ખ છે. આ અચેતન, અવચેતનના વિનાશ માટે ઉગ્ર સંઘર્ષનું પ્રતીક તરીકે જાણે દોડતા ગધેડા ઉપર મક્કમ પકડ દર્શાવતું રૂપ છે. જગદંબાનું રુદ્રસ્વરૂપ દર્શાવવા છૂટા વાળ અને ઉડતાં વસ્ત્રો છે. ખડ્ગ તીવ્ર વિવેક-શક્તિ છે. વ્યાઘ્રાંબર ઉગ્ર તપનું પ્રતીક છે. ઊર્ધ્વ હસ્ત ઊર્ધ્વચેતનાને આવાહન છે. નિમ્ન હસ્ત દિવ્યશક્તિઓનું અચેતનમાં અવતરણનું પ્રતીક છે. એક હાથમાં ઈન્દ્રનું વજ્ર દિવ્ય-મનનો દૃઢ સંકલ્પ છે.)

---

સહજ-સત્સંગ

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦**

Registered with the registrar of Newspaper for INDIA

No. 07598/22 A.K. 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2011

DATE OF POSTING : 1st OF EVERY MONTH **- RAJKOT - RMS**